Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્તવન-કીર્તન



શાન્તિલાલ શાહ

For Private and Personal Use Only

॥ कोबातीर्थमंडन श्री महावीरस्वामिने नमः ॥

॥ अनंतलब्धिनिधान श्री गौतमस्वामिने नमः ॥ ॥ गणधर भगवंत श्री सुधर्मास्वामिने नमः ॥

॥ योगनिष्ठ आचार्य श्रीमद् बुद्धिसागरसूरीश्वरेभ्यो नमः ॥ ॥ चारित्रचूडामणि आचार्य श्रीमद् कैलाससागरसूरीश्वरेभ्यो नमः ॥

# आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर

## (जैन व प्राच्यविद्या शोधसंस्थान एवं ग्रंथालय)

### पुनितप्रेरणा व आशीर्वाद

## राष्ट्रसंत श्रुतोद्धारक आचार्यदेव श्रीमत् पद्मसागरसूरीश्वरजी म. सा.

### जैन मुद्रित ग्रंथ स्केनिंग प्रकल्प

ग्रंथांक : १३५०

**श्री महावीर जैन आराधना केन्द्र**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-श्री महावीर जैन आराधना केन्द्र
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
कोबा, गांधीनगर-३८२००७ (गुजरात)
(079) 23276252, 23276204
फेक्स : 23276249
**Websiet :** www.kobatirth.org
**Email :** Kendra@kobatirth.org

**शहर शाखा**

आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
शहर शाखा
आचार्यश्री कैलाससागरसूरि ज्ञानमंदिर
त्रण बंगला, टोलकनगर
हॉटल हेरीटेज़ की गली में
पालडी, अहमदाबाद – ३८०००७
(079) 26582355

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


દિવાળીનાં
કાર્ડો
કુમકુમ પત્રિકાઓ
તથા
કેલેન્ડરો

અજ્ઞાનાન્ધકારઃ શ્રુ

ચરવળા
કટાસણાં
સંથારીઆં
ધાબળી
કામળી

પઢમં નાણં તઓ દયા


નહિ જ્ઞાનેન સદૃશં પવિ

ચાંદીના
સ્થાપનાજી, સાપડી.
સિદ્ધચક્રના ગટાજી.
માળા, ચૌદ સ્વપ્ના.
ચરવળાની દાંડી

સુવાસિત
અગરબત્તી, વાસક્ષેપ.
દશાંગીધૂપ, શુદ્ધ કેશર.
સોના ચાંદીના વરખ.
સુખડનું તેલ.
ગુલાબજળ, સાપડા.
તિર્થોના નકશાઓ.
ભરતકામના [illegible]
દરેક જાતની માળા


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SRI MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar-382 009.
Phone : (079) 23276252, 23276204-05

For Private and Personal Use Only

# સુંદર અને સર્વોત્તમ

સાધન સામગ્રી જેવી કે....

★ સુગંધીદાર અગરબત્તી ★ વાસક્ષેપ
★ દશાંગી ધૂપ ★ કેશર
★ વાળાકૂંચી ★ કટાસણાં
★ ચરવળા ★ સંથારીયાં
★ સાપડા ★ સાપડી

સોના ચાંદીના વરખ, પરવાળાં, કેરબા અકકલબેર
સ્ફટિકની માળાઓ, મોરપીંછી,
ઉપકરણો, પુંજાણીઓ
તેમજ—

## રેડીયમ અને પ્લાસ્ટીકની

માળાઓ, ઠવણીઓ, સાપડા વગેરે
લગ્નસરા અને દિપોત્સવી કાર્ડો,
સુશોભિત કેલેન્ડરો – વગેરે માટે

★

# મેઘરાજ જૈન પુસ્તક ભંડાર

ગોડીજી ચાલ, કીકા સ્ટ્રીટ, મુંબઇ–૨.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્તવન-કીર્તન

## સાથે કથા ગીતો

શ્રાવિકા સુલસા

ગજસુકુમાળ

ક્ષમાપના

સ્થૂલિભદ્ર

ઇલાચીકુમાર

રહનેમિ

★

શાંતિલાલ શાહ

★

મેઘરાજ
જૈન પુસ્તક ભંડાર
બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ
મુંબઇ-૨

દોઢ રૂપિયો

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

: પત્ર વ્યવહાર :
શાંતિલાલ શાહ
જય અંબે નિવાસ
મંછુભાઈ રોડ
મલાડ — પૂર્વ
મુંબઈ — ૬૪

: મુદ્રક :
રામદાસ ઈ. પટેલ
રજની પ્રિન્ટરી
૧૪૯, પ્રિન્સેસ સ્ટ્રીટ
મુંબઈ—૨

☆

સર્વ હક્ક કર્તાને સ્વાધીન

☆

આ પુસ્તકમાંની કોઈપણ કૃતિનો
કોઈપણ ઉપયોગ કરતાં પહેલાં
કર્તાની પરવાનગી જરૂરી છે.

☆

પ્રથમ આવૃત્તિ : સં. ૨૦૨૨

☆

: પ્રકાશક અને વિક્રેતા :
શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
કુંવરજી હીરજી છેડા
મણશી મેઘજી બુકસેલર
ગોડીજીની ચાલ, કીકા સ્ટ્રીટ, મુંબઇ ૨

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૈધવ્યમાં વિમળતા લાવીને, ધર્મનો ઊંડો અભ્યાસ કરી,
જીવનસંગ્રામ સામે ઝઝૂમી જીવનમાં મધુરતા પ્રગટાવી
અને અસંખ્ય નરનારીઓમાં પ્રેરણા પ્રગટાવી –
ખાસ કરીને કચ્છી સમાજમાં એ વિદૂષી નારી
પૂ. માતુશ્રી રાણબાઇને

For Private and Personal Use Only

# છેલ્લું પ્રકાશન

નેમ–રાજુલ, જૈન કથા ગીતો, સ્તવન માધુરી, ભક્તિ ગીતો, મહાવીર–દર્શન, સ્તવનિકા અને આ છેલ્લું સ્તવન–કીર્તન એમ સંગીતના સાત સ્વરોની જેમ સાત પુસ્તકો, પ્રભુકૃપાથી પ્રસિદ્ધ થઈ શક્યાં.

આ બધી રચનાઓ વીસ–બાવીસ વરસના ગાળામાં થઈ. હવે નવું રચવાની શક્યતા નથી તેથી આને છેલ્લું પ્રકાશન કહ્યું.

સમાજે મને અને મારાં ગીતોને અપૂર્વ આવકાર તથા પ્રોત્સાહન આપ્યાં – તે બદલ આભારી છું.

એક અફસોસ રહી જાય છે. ભક્તિ સંગીતના પ્રસંગો વધવા છતાં સંગીતકારો વધારી શકાયાં નથી. અલબત્ત–તાલીમબદ્ધ કલાકારોની હું વાત કરું છું.

આશા છે કે સમાજનું લક્ષ એ તરફ જશે.

આમાં કથાઓમાં સુલસા, ગજસુકુમાળ ને ક્ષમાપનાની રચના નવી છે. 'જૈન કથાગીતો'ની બીજી આવૃત્તિની હવે શક્યતા નથી તેથી એમાંના ઇલાચીકુમાર તથા સ્થૂલિભદ્રને આમાં સમાવ્યા છે. સ્થૂલિભદ્રમાં આગળ–પાછળના પ્રસંગો નવેસરથી રચ્યાં છે.

રહનેમિ અને રાજુલનો પ્રસંગ બહુ જાણીતો ન હોવાથી વાર્તારૂપે એને વિસ્તારથી મૂક્યો છે. પાછળનાં ગીતો 'જૈન કથા ગીતો' માંથી છે.

વિશેષતા તરીકે અને ગાનાર તથા વાંચનારને સુગમ થાય તે માટે કથાગીતોની આગળ તથા વચમાં વચમાં સંકલન તથા વિવેચન ગદ્યરૂપે મૂક્યાં છે.

આ સાથે જ 'સ્તવનિકા' પ્રસિદ્ધ થાય છે.

મહાવીર જયંતિ : ૨૦૨૨ **શાંતિલાલ શાહ**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમ


| | | પાનું | | | પાનું |
|---|---|---|---|---|---|
| ૧ | સાધના ... | ૫ | ૧૦ | સંકેત ... | ... ૧૭ |
| ૨ | પાપ ને પ્રાયશ્ચિત . | ૭ | ૧૧ | કાળજું કોરૂં | ... ૧૯ |
| ૩ | યાચના ... | ... ૮ | ૧૨ | પાણી—વલોણું | ... ૨૦ |
| ૪ | રાગમાંથી ત્યાગ ... | ૯ | ૧૩ | કામના | ... ૨૧ |
| ૫ | દંભ ... | ... ૧૧ | ૧૪ | સાચી પ્રીત | ... ૨૨ |
| ૬ | દીવડો ધરો | ... ૧૨ | ૧૫ | તારણહાર | ... ૨૩ |
| ૭ | રંગીલી ઋતુ | ... ૧૩ | ૧૬ | સુણજો | ... ૨૪ |
| ૮ | ઝંખના ... | ... ૧૫ | ૧૭ | દ્વિધા ... | ... ૨૬ |
| ૯ | પ્રજારણુ ... | ... ૧૬ | ૧૮ | શાંતિ કરો | ... ૨૭ |


## કથા ગીતો


સુલસા ... ૨૮

ગજસુકુમાળ ... ૪૩

ક્ષમાપના ... ૪૬

સ્થૂલિભદ્ર ... ૫૬

ઇલાચીકુમાર ... ૬૭

રહનેમિ ... ૭૯

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાધના

તારા પ્રેમનો સંદેશો મારા જીવનમાં ઉતારૂં
એવી શક્તિ મને તું પ્રભુ આપજે,
તારા અગણિત ગુણને હું રાત દી' સંભારૂં
એવી ભક્તિ મને તું પ્રભુ આપજે.

મૈત્રી હોજો પ્રાણી માત્રથી
કોઇની સાથે ન લડવું
મીઠાં વેણ સરે મુજ મુખથી
કોઇને કહેવું ન કડવું
મોહ–મમતાને મારૂં અને સમતાને ધારૂં–એવી.

તારું ધ્યાન ચૂકાયે નહિ
એવા જ્ઞાનની અભિલાષા
આવે મને અભિમાન એવા
માનની નહિ આશા
તારા ગાનમાં થઇને ગુલતાન હું લલકારૂં
એવી શક્તિ મને તું પ્રભુ આપજે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીવન બને સંવાદી એવી
સંગીતની હો સાધના
ગીતે ગીતે પ્રીત વહેતી
એવી હો આરાધના

તારા સ્નેહની સરિતાને હું જગમાં પ્રસારૂં
એવી યુક્તિ મને તું પ્રભુ આપજે.

☆

સત્ય – અહિંસા – પ્રેમ – કરૂણા ઝંખે છે જગશાંતિ
યુદ્ધથી ત્રાસેલી દુનિયામાં સરજાવો નવ – ક્રાંતિ.



For Private and Personal Use Only

# પાપ અને પ્રાયશ્ચિત

પાપ અને પ્રાયશ્ચિતનો છે કેવો અજબ ચકરાવો?
રોજ કરું છું પાપ ને હું રોજ કરું પસ્તાવો!
પાપ કરંતા પાછું ન જોઉં જાણે અનેરો લ્હાવો!

પરમેશ્વરનો ડર ના લાગે ના ડર છે પરભવનો
જીવતર આખું એળે જાતું ખ્યાલ નથી નરભવનો
રંગરાગની પાછળ આવે છે વારો રડવાનો!

ધર્મને મેં તો જીવનમાંથી જુદો પાડી દીધો
ધનપ્રાપ્તિમાં નડે ન એવો સગવડિયો કરી દીધો!
જીવું એવી રીતે જાણે કદીય ના મરવાનો!

કાદવમાં ખરડીને કાયા પાછો ધોવા બેસું
માયામાં ડૂબકી મારીને પાછો રોવા બેસું
ખબર નથી કે એક દિવસ ભવસાગરમાં ડૂબવાનો.

નાટકિયા જેવું છે હે પ્રભુ, આખું જીવન મારું
પોપટની માફક ઉચ્ચારું નામ પ્રભુ હું તારું
જન્મ-મરણનો ફેરો મારો કેમ કરી ટળવાનો?!

☆



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# યાચના

પ્રભુ પારસનાથનું નામ છે જીવન પાવનકારી
એ તો થાક્યાનો વિશ્રામ છે જીવન પાવનકારી.

મોટો છે એનો મહિમા જગમાં
વ્યાપે શાંતિ તનમાં મનમાં
એ તો હારેલાની હામ છે જીવન પાવનકારી.

એના સ્પર્શ મહીં છે જાદુ
લોઢું પણ પારસ થઇ જાતું
થઇ જાયે પૂરણ કામ રે જીવન પાવનકારી.

સોનું – રૂપું – હીરા ન માંગું
તારા પ્રેમની ભિક્ષા માંગું
તારે ચરણે મુક્તિ–ધામ છે જીવન પાવનકારી.

☆



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રાગમાંથી ત્યાગ

રાગના પંથને છોડીને નેમજી
ત્યાગના પંથે સીધાવ્યા
વરણાગી ઠાઠમાઠ અળગાં કરીને
વીતરાગી વેશને સજાવ્યા.

પશુના પોકારે
સુણી આર્તનાદે, હૈયામાં દર્દ ઉભરાયું
નિરખીને હિંસા
પ્રગટી અહિંસા, જીવનનું વહેણ બદલાયું
મોતને આરે ઉભેલાં પ્રાણીઓને
કરુણા લાવી ઉગાર્યાં.

સઘળાં જીવોને
જીવવું ગમે છે, ઇચ્છે ન કોઇ મરવાને
સુખેથી જીવજો
જીવવા દેજો, જીવન સફળ કરવાને
વેર ને ઝેરની વાતો વિસારી,
પ્રેમના પાઠો પઢાવ્યા.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાચી રે પ્રીતનું
સુણાવ્યું ગીતડું,
રાજુલને સંકેત કીધો
મુક્તિના રાહમાં
લીધી છે સાથમાં,
લ્હાવો અનેરો લીધો;
આદર્શ દંપતિ નેમ–રાજુલના
પ્રેમનાં ગીતો ગવાયો.

☆

ચંડકૌશિકના ઝેર ઉતાર્યાં, ઉગારી ચંદનબાલા
ગૌતમનો પણ ગર્વ ઉતાર્યો વેણુ કહી મરમાળા!



For Private and Personal Use Only

# દંભ

અમે કરીએ એવાં કામ
લાજ આવે રે લેતાં તારું નામ !

અમૃત દીધું
પણ નહિ પીધું,
ઝેરના ભરીએ જામ !

ભાવ વિનાની કરીએ ભક્તિ
છુપાવીએ તન મનની શક્તિ
કાય–ક્લેશમાં, રાગદ્વેશમાં વીતે આયુ તમામ !

સંત–સમાગમથી દૂર રહીએ
આગમવાણી કદી ના સુણીએ
મનને ઘોડે, તન આ દોડે એને નથી લગામ !

ધનને ખાતર ધર્મ વેચીએ
કુટિલ કર્મથી કીર્તિ લહીએ
તનના ઉજળાં, મનના મેલાં મોટો ડોળ દમામ !!

☆



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દીવડો ધરો

દીવડો ધરો રે પ્રભુ, દીવડો ધરો
તનનાં મનનાં તિમિર હરો.

માયાનગરના રંગરાગમાં કાયા આ રંગાણી
ભવસાગરમાં ભમતાં ભમતાં પીધાં ખારા પાણી
દુઃખડાં સર્વે દૂર કરો.

જાણી જોઈને મારગ વચ્ચે મેં તો વેર્યાં કાંટા
અખંડ વહેતી પ્રેમ-નદીના પડ્યાં હજારો ફાંટા!
દેખાડો પ્રભુ રાહ ખરો.

સ્વારથની આ દુનિયા માંહે આશા એક તમારી
જીવનના સંગ્રામે જોજો જાઉં ના હું હારી!
હૈયે ભક્તિ ભાવ ભરો
દીવડો ધરો રે પ્રભુ, દીવડો ધરો.

☆



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રંગીલી ઋતુ

ઋતુ હતી રંગીલી !
અભિસારે નીસરેલી જાણે કોઈ મસ્ત છબીલી !

પાર્શ્વકુમાર ને પ્રભાવતીની જોડી હતી રસીલી
ફરવા નીસર્યાં વન ઉપવનમાં કેવી વસંત ખીલી !

રંગ બે રંગી ફૂલડાં મ્હેંકે
કુંજ નિકુંજે કોયલ ટહુકે
ઋતુની રાણી નર્તન કરતી વેણુ બજે સૂરીલી.

રંગભવનમાં જોવા આવ્યાં ચિત્ર કલાનું પ્રદર્શન
નેમકુમાર ને રાજુલ કેરા દિવ્ય–પ્રેમનું દર્શન
પાર્શ્વની આંખો ત્યાગ–વિરાગના રંગ રહી છે ઝીલી !
ઋતુ હતી રંગીલી !

જનમ જનમની સુપ્ત ભાવના એકાએક પ્રકાશી
પાર્શ્વકુમારનો આતમ થાતો સંયમનો અભિલાષી
આ જોઈને પ્રભાવતી તો પડી ગઈ છોભીલી !
ઋતુ હતી રંગીલી !



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નવો ભાવ ને નવો રંગ લઈ જ્યારે પાછા વળીયાં
પ્રભાવતીની આંખડિયેથી દડ દડ આંસુ પડીયાં
વસંતની રંગીલી ઋતુ જાણે બની ડંખીલી !!
ઋતુ હતી રંગીલી !

ધર્મપત્નીને સમજાવી
ને માતપિતાને મનાવ્યા
નવજીવનની દીક્ષા લેવા
પાર્શ્વકુમાર સીધાવ્યા
ભવમુક્તિના પંખેરૂને વાટ મળી ગઈ શીળી !
ઋતુ હતી રંગીલી !

☆

આ પત્થર દિલને પારસ કરજે
પ્યારા પારસનાથ.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઝંખના

મારા મનમંદિરમાં પધારો
પ્રભુ વિનતડી અવધારો.

સૂના સૂના છે આંગણુ મારા
નિશદિન ઝંખે પગલાં તારા,
હૃદય–સિંહાસન પર બેસીને
આશીર્વાદ ઉતારો.

જીવનવીણાના તારે તારે
તુજ શુભ નામ તણા ઝંકારે
રોમ રોમમાં ગાઉં ઉંડું
એવું ગીત ગજાવો.

☆

મંગલકારી વીરની વાણી અમૃતની રસધાર
ઝિલી શકે નહિ અંતર જેનું એળે ગયો અવતાર !



For Private and Personal Use Only

# પૂજારણ

ઝમઝૂમ કરતી આવી, પૂજારણ
દ્વાર પ્રભુને આવી, પૂજારણ.

લઇ પૂજનનો થાળ, ગુંથીને માળ પુષ્પની લાવી.

હું... ઝનક ઝનક એના ઝાંઝર બોલે કરે મધુર ઝંકાર
ઠમક ઠમક ઠમકારે પગના નેપૂરનો રણકાર
પ્રભુને સન્મુખ નર્તન કરતી હૈયું હરખાવી.

અંગ અંગ ઉછરંગ ભરીને
ગાયે મધુરાં ગીત
અંગ – મૃદંગે – રંગ ઉમંગે
રેલાવે સંગીત

સારે ગમ પ પધપ
પધમ મપગ ગમરે રે ગ સા
સા રે ગ મ પ પધપ.

ગીત ગીતમાં પ્રીત ભરીને પ્રભુને બિરદાવી,
ઝમઝૂમ કરતી આવી.

☆



For Private and Personal Use Only

# સંકેત

આંગણે આવેલો વર પાછો વળી જાય
રાજુલની આંખે આંસુડા વહી જાય.

કોડ ભરી કન્યાનું કાળજું કપાય
સ્નેહભર્યાં સોણલાંઓ એનાં સરી જાય.

ગગનને માંડવે વાજતી ને ગાજતી
જેમ મેઘરાજાની આવે રે સવારી
એમજ નેમ નગીનાની જાનમાં
નાચતાં ને ગાતાં કંઇ આવે નરનારી
ઢોલ – નગારાં શરણાઇ સંભળાય
અંગ અંગ રંગ અનેરો ઉભરાય.

ત્યાં તો અચાનક આંધી ચઢી આવી ને
આભ થયું ઘનઘોર
પિંજરે પૂરાયાં પશુ – પંખી સૌ યે
કારમો મચાવ્યો રે શોર !
વીજળી તૂટી ને જાણે કાળજાં ચીરાય
હોંશીલા જાનડિયાના હોશ ઊડી જાય !



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિર્દોષ પ્રાણીઓની હિંસા નિહાળી
નેમજીને અંતર અનુકંપા જાગી
પશુઓને છોડીને પાછાં રે વળિયા
આશા ભરી એક અબળાને ત્યાગી
વરણાગી વર વીતરાગી થઈને જાય
વીલે મોઢે જાન હવે થાય રે વિદાય!

મોટાં રે માનવીના પાવન પગલાં
પત્થરમાં પણ પ્રાણ પ્રગટાવે
નશ્વર દેહના પ્રેમથી અધિકા
આતમ – પ્રેમનો પંથ બતાવે
સંકેત સ્વામીનો હવે સમજાય
સંયમને પંથે સતી ચાલ્યા જાય!

☆



For Private and Personal Use Only

# કાળજું કોરૂં રહી જાય

તારાં ગીત ગાતાં ગાતાં આયખું વહી જાય
તો યે આ કાળજું કોરૂં રહી જાય !
ભક્તિના તાનમાં શક્તિ ખરચાય
તો યે ના ભાવથી હૈયું ભિંજાય !

વાતવાતમાં વાયાં વરસોનાં વ્હાણાં
ગાઈ ગાઈને ગાયાં તારાં ગાણાં
ખેંચી ખેંચી ને હવે કંઠ આ સુકાય
તો યે ના ભાવથી હૈયું ભિંજાય !

રૂમઝૂમ રૂમઝૂમ આ દેહને નચાવ્યો
સૂતેલો આતમ તો યે ન જાગ્યો !
મુક્તિનું નામ સુણી મનડું મલકાય
કીંતુ આ કાળજું કોરૂં રહી જાય !

સાચો મારગ ના સમજાયો સ્વામી,
જીવનમાં ક્યાંક તો રહી ગઈ ખામી !
કાળની ઘડીમાં હવે રેતી સરી જાય !
તો યે આ કાળજું કોરૂં રહી જાય !

☆

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પાણી – વલોણું

એવો લાગ્યો છે અમને આ દુનિયાનો સંગ
જેથી લાગે ના હૈયામાં તારી ભક્તિનો રંગ!
ઊંચે આભમાં ઊડે છે પેલો પાપનો પતંગ!

કાચના શણગારો માંગે કાચી આ કાયા
આંખો મીંચીને મૂકે માટીમાં માયા
એવાં રંગરાગમાં સહુ ફૂલ્યાં અંગ અંગ!

જાણીને બોલીએ જૂઠી રે વાણી
માખણને બદલે વલોવીએ રે પાણી!
કેવો જામ્યો છે ઝેર ભર્યો જીવતરનો જંગ!

સંસારી સુખ અમને લાગે છે પ્યારું
તારું જ નામ લેવું લાગે અકારું
તારા ભજનમાં વારે વારે પડતો રે ભંગ!!

☆



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કામના

હું ગાઉં તારું ગીત
ગીતના સૂરે સૂરે મારું ઉર બને પુલકિત.

ના જાણું હું સૂરની સરગમ
તો પણ આલાપું હું હરદમ
રાગ નહિ, વૈરાગ નહિ પણ ભાવભર્યું સંગીત.

મનની વીણા મધુર બજાવું
જીવનના સહુ સાજ સજાવું
ગાઇ ગાઇને માંગી રહ્યો છું કેવળ તારી પ્રીત !

☆

દુઃખિયાનો તું દીલાસો ડૂબતાં તું સહારો
શ્રદ્ધા ભરી છે હૈયે આખર તું તારનારો.



For Private and Personal Use Only

# સાચી પ્રીત

સાચી રે રાજુલ તારી પ્રીત
તેં તો સુણાવ્યું જગને પ્રીત કેરૂં ગીત.

માંડવે આવીને પાછાં વળ્યાં રે તારા
મનમંદિરના નાથ
ભર્યા રે સંસારમાં ઘડીભર લાગ્યું કે
તું તો થઇ ગઇ અનાથ!
ઓલ્યાં પશુડાં થયાં રે ભયભીત.

ઘડી પહેલાં આંગણાં ગાજતાં ઉમંગે ને
ઘડીકમાં થયા સાવ સૂનાં
શમણું આવીને જાણે ઊડી રે ગયું ને
નીકળ્યાં આંસુડાં ઉન્હાં!
જાણે અધુરૂં રહ્યું જીવનગીત.

કાચી માટીનું તારું ઘડતર ન્હોતું
તું તો બની બડભાગી
જાગી ઉઠ્યો તારો આતમ ક્ષણમાં ને
સંસાર દીધો રે ત્યાગી
ગાયું રે સંયમનું સંગીત.

☆



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તારણહાર

ભગવાનની દયાનો ભરપૂર છે ખજાનો
ખૂટે નહિ કદાપી તુજ પ્રીતનો ખજાનો.

લેનાર હોય એને આપે હજાર આપે
ખાલી ન જાય કોઇ દાતાર છે દાનો.

એની નજરમાં કોઇ ઊંચુ નથી કે નીચું
સૌ યે છે એક સરખાં મોટો ન કોઇ નાનો.

દેખી શકાય તુજને દૃષ્ટિ નથી અમારી
ઘટઘટમાંહી બિરાજે આવીને છાનોમાનો !

દુઃખિયાંનો તું દિલાસો ડૂબતાંનો તું સહારો
શ્રદ્ધા ભરી છે હૈયે આખર તું તારવાનો !

☆

સંકટ આવે ત્યારે આવતું
સાચું આતમજ્ઞાન !



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુણજો નેમકુમાર

ઓ દીનબંધુ, કરુણાસિંધુ,
સુણજો નેમકુમાર,
પાલવ પાથરી ચરણે તમારે
વિનવે રાજુલનાર
એની આંખે આંસુધાર.

આંગણે આવીને પાછા ન વળશો
સુણી પશુનો પોકાર
મારા જીવનના આધાર.

કાળજે મારે કોડ હતાં ને ઉરમાં હતી કંઈ આશા
સળગી ગઈ રે સપનાની દુનિયા અંગ અંગ વ્યાપી નિરાશા
ઓ રે કૃપાળુ, દીન દયાળુ,
સુણજો રે નેમકુમાર
સંગીતના સ્વર ઊડી ગયાં ને
તૂટી ગયાં સૌ તાર
મારી સૂની પડી રે સિતાર!

રોતા કકળતાં મુંગા પશુની પીડા ભલે ને પિછાણી
કીંતુ આ કોડિલી કન્યાની વેદના કેમ નહિ વંચાણી?



For Private and Personal Use Only

સંકટ ત્રાતા, જીવનદાતા
સુણજે નેમકુમાર
જાશો મા, જીવન નૈયાને
છોડીને મઝધાર
હવે છાયો છે ઘોર અંધકાર.

સાંભળી લેજો નેમ નગીના
જાઓ ભલે મને ત્યાગી
કાયાની પાછળ, છાયાની માફક
આવીશ હું અનુરાગી

ભવોભવના સ્વામી, અંતરજામી,
સુણજો રે નેમકુમાર
સાર વિનાનો સંસાર છોડી
આવીશ હું ગિરનાર
મારો એક જ છે નિરધાર !

☆



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દ્વિધા

શું રે ગાઉં ને શું રે બજાઉં !
જાણું ના તુજને કેમ રે રિઝાવું !

તનના તંબૂરનો તાર મળે ના
તૂંહી તૂંહીનો રણકાર કરે ના
કયું સાજ લાવું ને સ્વર શો મિલાવું ?

વળગી છે આતમને એવી ઉપાધી
સાધી શકું ના સ્વરની સમાધી
શું રે આલાપું ને શું રે વિલાપું ?

મનનું મૃદંગ મારું બેતાલ બોલે
જીવનનું ગીત ચઢયું ચકડોળે
મનમાં મુંઝાઉં ને આંસું વહાવું !

☆



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શાંતિ કરો

શાંતિ કરો, અશાંતિ હરો
દીનબંધુ શાંતિનાથ, શાંતિ કરો.

વેર ને ઝેરના વાદળનાં દળ ઘેરાયાં છે માથે
રાગ ને દ્વેષના ઘોર દાવાનળ ફૂંકાયાં છે સાથે
જ્યોતિ ધરો, તિમિર હરો.

સુખની શોધમાં દોટ મૂકીને માનવી દુઃખમાં દાઝે
માનવતા ભૂલી દાનવતાથી લેશ નહિ એ લાજે!
ક્રાંતિ કરો, ભ્રાંતિ હરો.

પાપ ને પુણ્યના ભેદ ભૂલાયાં, નથી પ્રભુની ભીતિ
નામ ને દામ કમાવવા માટે નડે નહિ કોઈ નીતિ!
વિનતિ ધરો, ના વિસરો
શાંતિ કરો, અશાંતિ હરો.

☆



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુલસા

સુલસા આમ તો એક સામાન્ય વર્ગની–મધ્યમ વર્ગની સ્ત્રી હતી. બહુ ભણેલી પણ નહિ હોય. પણ એને ધર્મ પ્રત્યે અપૂર્વ શ્રદ્ધા હતી. એનું એક મોટું સદ્‌ભાગ્ય હતું–પ્રભુ મહાવીરના હ્રદયમાં એણે પોતાનું સ્થાન જમાવ્યું હતું. પતિનું નામ નાગકુમાર. શ્રેણિક મહારાજાનો એ માનીતો સારથી.

સુલસા શીલવંતી સન્નારી
મહારાજા શ્રેણિકના સારથી નાગ રથિકની નારી.

સત્ય–ધર્મની એ અનુરાગી
વીરના શાસનમાં બડભાગી
ઝળહળતી શ્રદ્ધાની જ્યોતિ એણે ઉરમાં ધારી.

નહી વિદુષી નહી ધનવાન
નિર્મળ મનની નહી અભિમાન
ભાગ્યવાન એવી કે એક દી' પ્રભુવીરે સંભારી.

☆

ભાવભીનો ભરથાર, એનો
ભાવભીનો ભરથાર
નામ છે નાગકુમાર.
દેહ છે જુદા, એક છે આતમ એવો એવો એમનો પ્યાર.



For Private and Personal Use Only

શ્રેણિકનો વિશ્વાસુ સારથી સાચો રક્ષણહાર
રણયુદ્ધમાં પણ કુશળતાથી રથને ઉતારે પાર.
ભાવભીનો ભરથાર.

હેત ને પ્રીતમાં પૂરા છતાં પણ ઉણો હતો સંસાર
નિશદિન નાગનું હૈયું ઝંખે ખોળાનો ખૂંદનાર
એથી સુનો હતો સંસાર.

☆

લગ્ન થયાને ઘણો સમય થયો પણ સુલસાને કંઇ સંતાન ન થયું. કર્મમાં માનનારી સુલસા તો સમભાવથી રહી શકતી. પણ એના પતિને બાળકની ઘણી ઝંખના રહેતી. બીજાં બાળકાને જોઇને એને કેટલીક વાર મનમાં ઓછું આવી જતું. તો કાઇક વાર એને વિધાતા પ્રત્યે ગુસ્સો આવી જતો અને બોલી જતો —

કેવી ક્રુર વિધાતા ?

ના જોએ ત્યાં એક પછી એક હારબંધ હલવતાં
માગે એને એક મળે ના નેણુ રહે છલકાતાં.
ઘેર ઘેર આ હસતાં રમતાં નાના બાળ મઝાનાં
બાળ વિનાના ઘર લાગે છે જાણે ખાલી ખજાના
શેર માટી દેવામાં તુજને શેની ખોટ વિધાતા ?
કેવી ક્રુર વિધાતા ?

☆



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિધિની ક્રુરતા પ્રત્યે રોષ ઠાલવતા પતિને સુલસા પ્રમાણે આશ્વાસન આપતી :

રાખીએ ના રોષ, સ્વામી,
રાખીએ ના રોષ
દોષ હોય તો આપણા એ કર્મોનો દોષ.

ભાગ્યમાં હોય તો પામીએ સંતાન
શું કરે વિધાતા ને શું કરે ભગવાન!
શાણા ને સમજુએ રાખવો સંતોષ.

પુત્ર વિના હું ખરે કમભાગી
વિનવું છું સ્વામી, તમ પાય લાગી
પરણો બીજી મારે હૈયે છે હોંશ!

☆

સંતાનની આશા રાખતા પતિને બીજી પત્ની કરવ સુલસા સમજાવતી. સુલસા જેવી પ્રેમાળ અને ઉદાર પત્ની ઉપ શોક્ય લાવીને એની જીંદગી દુઃખમાં મૂકવાનું એનું મન ન થ
એક દિવસ પરિવર્તનકારી આવ્યો.

ગોચરિએ આવીને ઉભા આંગણે અણગાર
કર જોડીને સુલસા કરતી એમનો સત્કાર
ભિક્ષા દઈને વળી પૂછતી 'બીજો છે કંઇ ખપ?'
'લક્ષપાકનું તેલ મળે તો એનો છે બહુ ખપ!'



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હોંશે હોંશે લક્ષપાક લેવાને સુલસા દોડી
ઉતાવળે લઈ આવતાં રે બરણી દીધી ફોડી!
દિલમાં દુઃખ લગાડ્યા વિના બીજી લેવા જાતી
લઈને આવે ત્યાં તો પોતે પળમાં લપસી જાતી!
મોંઘુ તેલ ઢળી ગયું તો યે ધીરજ ના ખુટી
ત્રીજી બરણી લાવી તે પણ અકસ્માતથી ફૂટી!!
હવે રહ્યું ના તેથી એની આંખે આંસુ આવ્યાં
'કેવી હું કમભાગી, મારા કર્મો આડે આવ્યાં!'

☆

કહે છે કે દેવોની સભામાં ઈંદ્રે સુલસા શ્રાવિકાની શ્રદ્ધાના વખાણ કર્યાં. બે દેવોને એની પરિક્ષા કરવાનું મન થયું. સાધુના વેશમાં સુલસાને દ્વારે ભિક્ષા લેવા આવ્યા. સુલસાએ ભાવપૂર્વક ગોચરી વહોરાવી. કંઈ બીજી ચીજ વસ્તુનો ખપ હોય તો જણાવવા કહ્યું. સાધુઓએ લક્ષપાકનામના તેલની જરૂરીયાત બતાવી. શરીરે માલીસ માટે વપરાતા ઔષધની ત્રણ બરણી સુલસાએ તૈયાર કરી હતી. એક પછી એક એમ ત્રણે બરણીઓ ફૂટી ગઈ. મુનિવરોને તેલ આપી ન શકાયું તેથી એની આંખે આંસુ આવ્યા. સુલસા રડી ને સાધુઓ હસ્યા! ખુલાસો કર્યો:

દેતાં મુનિ દિલાસો
દેતાં દિલાસો ને કરતાં ખુલાસો.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'તારી શ્રદ્ધા પારખવાને માંડ્યો અમે તમાશો !
દેતાં મુનિ દિલાસો.

ભક્તિની ભાવના જોઇ તારી પ્રસન્ન થઇને જાતાં
લે આ બત્રીસ ગોળી જેથી બની જશે તું માતા
મુનિના વેશમાં દેવ અમે તો દેવલોકમાં વાસો !

☆

દેવોએ કરેલી પરિક્ષામાં સુલસા ખરી ઉતરી. પ્રસન્ન થઇને દેવોએ એની જરૂર જાણીને બત્રીસ ગોળીઓ આપી. એક ગોળીથી એક પુત્ર થશે એમ પણ જણાવ્યું. અને અંતર્ધ્યાન થઇ ગયા !

સુલસા વિચારમાં પડી.
સુલસા વિચાર કરતી

દેવોની આ લીલા નિહાળી દિલમાં અચરજ ધરતી
બત્રીસ બત્રીસ પુત્રો કેરી માતા નથી રે થાવું
બત્રીસ લક્ષણાવંતો એક જ પુત્ર ભલે ને પામું
એમ વિચારી એક સાથ બત્રીસે ગોળી ગળતી !

☆

બે ચાર નહી ને બત્રીસ ગોળીઓ કેમ આપી હશે એ સુલસાને સમજાયું નહી. બત્રીસ લક્ષણવાળો એક જ પુત્ર હોય તો સારું એમ સમજીને એકી સાથે બત્રીસે ગોળી ખાઇ ગઇ ! આ ભૂલ એને ખૂબ ભારે પડી ગઇ !

એકી સાથે બત્રીસ પુત્રોને એણે જન્મ આપ્યો !!



For Private and Personal Use Only

સૂનું સૂનું આંગણું રહ્યું આજ ગાજી
રહ્યું આજ ગાજી દંપતિના દિલ રાજી.
બત્રીસે બાળકોના બંધાયાં પારણાં
ઘડી ઘડી માવડી લેતી ઓવારણાં
નવા રે જીવનની શરણાઈ વાગી.

☆

બત્રીસ બાળકોના જન્મથી સુલસાનું ઘર અને જીવન ભર્યું ભર્યું થઈ ગયું !

ભણી ગણીને થઈ ગયાં બત્રીસે જુવાન
પરણાવી પૂરા કર્યાં અંતરના અરમાન.

☆

નાગકુમારે આ જુવાનોને ભણતર સાથે યુદ્ધવિદ્યાની પણ સુંદર તાલિમ આપી. શ્રેણિક મહારાજાએ એ જોઈને બત્રીસે જુવાનોને પોતાના અંગરક્ષક નીમીને માન આપ્યું.

☆

આ ચોસઠ માણસોના પરિવારને કિલ્લોલ કરતું મૂકીને આપણે જરા બીજી તરફ વળીએ.

નગરી વૈશાલી મહાભાગ્યશાળી
રાજા ચેટક નામે માન પ્રજાનું પામે
એ દીન દુઃખિયાનો વિસામો
એ પ્રભુ મહાવીરનો મામો
પુત્રી એની સુજ્યેષ્ટા કીધી પ્રેમની ચેષ્ટા !



For Private and Personal Use Only

શ્રેણિકમાં એનું મન મોહ્યું
માનીતી થાશે મહારાણી એક દી'
શમણું સોનેરી એવું જોયું!
ચેલ્લણા એની નાની બેન, બેન વિના નહીં એને ચેન

☆

શ્રેણિકરાયનો પુત્ર પ્રધાન
મંત્રી અભયકુમાર મહાન
બાપને કરવા નવા લગન
વિચારમાં છે દીકરો મગન
આવે નહિ કાંઇ એમાં વઘન
નહિ તો ગાજી જશે ગગન!

વૈશાલીથી રાજગૃહી ભોંયરું દીધું એણે બાંધી
મોટા સાહસનું છે કામ અભયકુમાર છે જેનું નામ!

☆

મહારાજા શ્રેણિકના અંતઃપુરમાં અનેક રાણીઓ હતી. છતાં એનામાં એક નિર્બળતા હતી. કોઇ પણ રૂપસુંદરીની વાત સાંભળે તો એનું મન ચંચળ થઇ જતું. વૈશાલીના ચેટક રાજાની પુત્રી સુજ્યેષ્ટાના રૂપગુણનું વર્ણન સાંભળી શ્રેણિક લલચાયા. સીધું કહેણ મોકલ્યું પણ ચેટકે ઇન્કાર કર્યો. વાત વટ પર ચઢી. પુત્ર અને મંત્રી અભયકુમારને માથે સુજ્યેષ્ટાને લાવવાનું કામ સોંપાયું. અભયકુમાર યુક્તિથી એ કામ પાર પાડ્યું. સુજ્યેષ્ટા શ્રેણિકને વરવાને તૈયાર થઇ ગઇ. ખાનગી રીતે એક મોટું ભોંયરૂ તૈયાર કર્યું.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નક્કી કરેલા દિવસે શ્રેણિક મહારાજા રથ લઇને પ્હો ફાટતાં પહેલાં ભોંયરામાં દાખલ થઇને વૈશાલી આવી પહોંચ્યા.

વ્હેલી એક સવારે ચેટક મહેલને દ્વારે
શ્રેણિક રાજા થઇ વરરાજા
છાના માના બનીને શાણા
સુજ્યેષ્ટાને લેવા આવ્યા ભોંયરામાંહી રથને લાવ્યા.

સુલસાને પતિ સારથી થઇને
બત્રીસ પુત્રો સાથે લઇને
જમદૂતને પડકારે એવા કરવાને રાજાની એવી
આવ્યા એક સવારે ચેટક મહેલને દ્વારે.

☆

નાની બેન ચેલ્લણાએ પણ સાથે જ આવવાની હઠ લીધી. બંનેએ આખી રાત જાગીને મનપસંદ દાગીના જુદા કાઢીને નાનકડી પેટી તૈયાર કરી.

શ્રેણિકને વરવાને કાજે સુજ્યેષ્ટા તૈયાર થઇ
મગધની પટરાણી થાશે મનમાં એમ મલકાઇ રહી !

ચેલ્લણા બોલી હૈયું ખોલી
આવીશ હું તમ સાથે
કાયાની પાછળ છાયાની માફક
રહીશ હું સંગાથે.

☆

સંકેત પ્રમાણે શ્રેણિકનો રથ ભોંયરામાં આવી પહોંચ્યો. ચૂપકીથી બંને બેનો ભોંયરામાં ઉતરી આવી.



For Private and Personal Use Only

બંને બેનો તૈયાર થઈ સાથે રથમાં બેસી ગઈ
ત્યાં તો સુજ્યેષ્ઠા પાછી ઉતરી
દાગીના લેવાનું ભૂલી!
હમણાં આવું, ઉભા રે'જો
એમ કહીને ઘરમાં દોડી.

શ્રેણિક રાજા કરે વિચાર મોડું કરવામાં નહિ સાર
ભોંયરામાંહી છે અંધકાર ઓળખે ના મુખનો અણસાર
રથને દોડાવ્યો પૂરપાટ ચેલ્લણાના ઉરમાં ઉચાટ
મોટી બેનની જોતી વાટ ત્યાં તો ઉતર્યો અવળો ઘાટ!

બંને બહેનો રથમાં ચઢી ગઈ કે તરત જ સુજ્યેષ્ઠાને ઘરેણાની પેટી યાદ આવી. 'હમણાં આવું છું' એમ કહી પાછી દોડી. અંધારામાં કોઈને ઓળખી શકાય એમ હતું જ નહી. શ્રેણિક સમજ્યા કે દાસી દાગીના લેવા ગઈ. દાગીના કે દાસીની રાહ જોવામાં મોડું જોખમ હતું. એટલે એમણે રથને દોડાવી દીધો! પણ ...

સુજ્યેષ્ઠા આવી ઘરેણા લઈને
ઊભી રહી ગઈ સ્તબ્ધ થઈને!
રથ ના દીઠો ને રોઈ પડી
કાળજે જાણે વીજ પડી!
ધ્રુસકે ધ્રુસકે રોઈ પડી!

☆



For Private and Personal Use Only

દાગીના લઈને પાછી ફરેલી સુજ્યેષ્ટા રથને ચાલી જતાં સ્તબ્ધ થઈ ગઈ. સઘળી આશા અને મહેનત જાણે નિષ્ફળ ગઈ! એને ગુસ્સો એની બહેન પ્રત્યે આવ્યો. 'મારી સાથે આવવામાં એનું આવું કાવતરૂં હશે!' એ મોટેથી ધ્રુસકે ધ્રુસકે રડી પડી! અને —

સાંભળી એનો ક્રંદન પોકાર
જાગી ગયાં રે નર ને નાર
વૈશાલીનું લશ્કર આવ્યું
શ્રેણિકના રથ પાછળ ધાયું.

સુલસાના પુત્રો બત્રીસે
ખડક સરિખા ઊભા દીસે
ઘોર ભયંકર જંગ વિષે

રથનું રક્ષણ કરતાં કરતાં
બહાદુરીથી લડતાં લડતાં
શહીદ થઈ ગયાં એ બત્રીસે!!
ખપી ગયાં સૌ એ બત્રીસે!

☆

રથ લઈ આવ્યો નાગ સલામત
કાળે કીધી કેવી કરામત?!

☆

વૈશાલીના લશ્કર સાથે વીરતાપૂર્વક લડતાં લડતાં સુલસાના બત્રીસે પુત્રો હોમાઈ ગયાં! કુદરતની કેવી લીલા? એક સાથે આવ્યા ને એક સાથે ચાલ્યાં ગયાં!

સુલસાની વેદના કેવી હશે!



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક પાસ સુલસાના પુત્રો યુદ્ધમહીં હોમાયાં
બીજી પાસે વિજય કેરાં ગીત પ્રજાએ ગાયાં
ઉત્સવ કાજે ઘર ઘર આજે કીર્તિધ્વજ લહેરાયાં
સુલસાને આંખે આંસુના તોરણિયા બંધાયાં !

☆

રાજાએ ગાંધર્વવિવાહ કરીને – ચેટક રાજાનું નાક કાપીને સુજેષ્ટાનું અપહરણ કરી આવ્યા એમાં પ્રજાએ મોટો ઉત્સવ માંડ્યો. પણ શ્રેણિકે એક દિવસમાં ઉત્સવ આટોપી લીધો. એમને પણ સુલસાના બત્રીસ જુવાનોના બલીદાનથી ખેદ થયો હતો. સુલસાને આશ્વાસન આપવા પણ જાતે આવ્યા. સુલસાએ કેવો જવાબ આપ્યો હશે ? એણે કહ્યું : 'મૃત્યુતો માનવીને માથે ઉભેલું છે. કોણ વહેલું કે કોણ મોડું જશે એ કોણ જાણે છે ? પણ મને એક વાતનું સમાધાન છે કે મારા દીકરાઓ પોતાના રાજાપ્રત્યે ફરજ બજાવતાં બજાવતાં વીરનું મૃત્યુ પામ્યા છે !'

સુલસાની આવી ધીરજ અને જ્ઞાન જોઈ શ્રેણિક એને વંદી રહ્યા !

સુલસાના ઘરની સ્થિતિ કેવી થઇ ગઇ !
કેવો વિધિનો ખેલ ?

કાલ ઉછળતી જે ઘરમાંહી સુખની રેલમછેલ
આજે એ ઘર લાગી રહ્યું છે જાણે ભયાનક જેલ !
બત્રીસ પુત્ર ને પુત્ર વધુથી ગાજી રહેતો પરિવાર
રંક – અનાથ આ વિધવાઓની આંખે અશ્રુની ધાર !
વાટ બળી રહી દીપક કેરી જ્યારે ખૂટી ગયું તેલ !!
કેવો વિધિનો ખેલ ?



For Private and Personal Use Only

ધીમે ધીમે દુઃખને ભૂલવા વીર પ્રભુને સ્મરતી
શાણી સુલસા અંતરમાં શ્રદ્ધાનું સિંચન કરતી
પતિને આશ્વાસન દેતી ને પોતે હીંમત ધરતી
પૂજન–અર્ચન–વ્રત–નિયમથી જીવન ઉજ્વળ કરતી.

☆

હવે સુલસાએ પોતાના મનને ધર્મમાર્ગે વાળી લીધું. ત્યાં એક દિવસ એના જીવનનો ધન્ય પ્રસંગ બન્યો —

ચંપાપુરીમાં પ્રભુ મહાવીર આવ્યા ને
રેલાયા તેજના અંબાર
અંબડ નામે એક યોગી મળિયા
રાજગૃહી નગર જનાર
'પ્રવાસી, લઇ જજો રે સંદેશ.

રાજગૃહી રાજાના સારથીની નારી
શ્રાવિકા સુલસા નામ
ચંપાપુરીથી કહેજો મહાવીરસ્વામીએ
મોકલિયા ધર્મલાભ
પ્રવાસી, લઇ જજો રે સંદેશ.'

☆

ભગવાન મહાવીર ચંપાપુરીમાં પધાર્યા છે. એમની દેશના પૂરી થયા પછી અંબડનામનો એક યોગી સુખશાતા પૂછવા આવે છે ભગવાનની સાથે પૂર્વ પરિચય છે.

વાતમાંથી વાત નીકળતા આ અંબડ તીર્થયાત્રાયે નીકળ્યો છે અને પ્રથમ રાજગૃહી જઇ રહ્યો છે એમ જણાવે છે.



For Private and Personal Use Only

રાજગૃહિનું નામ સાંભળી ભગવાનને સુલસા યાદ આવે છે અને કહે છે. 'ભાઈ, રાજગૃહી જતા હો તો ત્યાં શ્રાવિકા સુલસાને મારા ધર્મલાભ કહેશો.

રાજગૃહિના રાજા શ્રેણિક કે ચેલ્લણા રાણી અથવા તો કંઈક આગેવાન ભક્તો કે સામંતો એમાંથી કોઈને ભગવાને યાદ કર્યા નહીં ને એક સામાન્ય રથ હાંકનાર સારથીની પત્નીને યાદ કરી! સુલસામાં એવું શું હશે? ભગવાનને તો કોઈનામ પ્રત્યે પક્ષપાત નથી. સુલસાને બરાબર ઓળખવી જોઈએ આમ વિચારતો અંબડ સુલસાની પરીક્ષા કરે છે!

'પ્રભુ મહાવીર સરખા આજે સુલસાને સંભારે
કરવી કસોટી એની પહેલાં' અંબડ એમ વિચારે!

☆

અંબડ કરે કસોટી
કંચન તે કંચન રહેવાનું કરે મહેનત ખોટી!
જૈન મુનિનો વેશ ધરીને આવ્યો સુલસા દ્વારે
મુખપર ગંભીરતા રાખીને ધર્મલાભ પોકારે.
જૈન મુનિને કદી ન કલ્પે એવું એ તો માંગે
'સાચો સાધુ નથી અરે' સુલસાને શંકા જાગે!
'ચાલ્યો જા અહીંથી ધુતારા' કહીને કર્યા વિદાય
ભોંઠો પડીને અંબડ ત્યાંથી પાછો ચાલ્યો જાય!
સુલસાની શ્રદ્ધા પારખવા કરતો વિચાર કોટિ!
અંબડ કરે કસોટી.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બ્રહ્માજીનું રૂપ ધરીને બેઠો એ ઉદ્યાને
કંઈ કંઈ ભોળા લોકો આવ્યાં ત્યાં દર્શન કરવાને !
આખું આખું ગામ તીંઘા પણ એક ન સુલસા આવી
કૃષ્ણની લીલા કરી એણે યુક્તિ બીજી અજમાવી !
ઝીણી આંખ કરીને અંબડ સુલસાને રહે શોધી !
અંબડ કરે કસોટી.

સૌમાં નિષ્ફળ જતાં એતો છેલ્લું શસ્ત્ર ઉગામે
'પચ્ચીસમા તીર્થંકર આવ્યા' એવા ખેલ સજાવે
તીર્થંકરનું નામ સુણીને લોક હજારો આવે
ભક્તિભાવે અંબડના ચરણોમાં શિર ઝૂકાવે !
તીર્થંકરનો વેશ ધર્યો પણ સુલસા ના દેખાઈ
આખર આ અંબડને પ્રભુની વાત હવે સમજાઈ !
અંધશ્રધાળુ ન્હોતી રે સુલસા કે અજ્ઞાની – ભોળી
અંબડ કરે કસોટી.

સુલસા પાસે જઈને પ્રભુનો સંદેશો સંભળાવે
પોતે કરી પરીક્ષા તેથી એની માફી માગે.
પ્રભુએ પ્રેમ સંભારી એવું સુલસાએ જાણ્યું
ત્યારે એની આંખડીઓ એ હર્ષનું પૂર વહાવ્યું !
આ જોઈ સુલસાને ચરણે અંબડ રહ્યો આળોટી !
અંબડ કરે કસોટી.

☆



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુલસાને પીછાણવા માટે આ અંબડે જાતજાતના નાટકો કર્યાં પણ એમાં એ નિષ્ફળ ગયો. આખરે એને ભાન થયું કે રાજગૃહીમાં માત્ર સુલસાને જ શા માટે આશીર્વાદ મોકલ્યા હશે ! ભગવાને પોતાને યાદ કરીને ધર્મલાભ મોકલ્યા એમ સુલસાએ જ્યારે જાણ્યું ત્યારે એના હૈયામાં પ્રભુ પ્રત્યે ભક્તિ ભાવનું પૂર આવ્યું અને ત્યાંજ એ પ્રભુને મનોમન વંદી રહી.

જીવનપંથની જ્વલંત જ્યોતિ
મુક્તિનગરનું મોઘું મોતી
ભાવિ ચોવીસીમાં થાશે તીર્થંકર અવતારી !
સુલસા શીલવંતી સન્નારી.

☆

આવતી ચોવીસીમાં આ સુલસાનો જીવ પંદરમા તીર્થંકર તરીકે પ્રસિદ્ધ થશે.

☆



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મુનિ ગજસુકુમાળ

ગજસુકુમાળ શ્રી કૃષ્ણ મહારાજાના નાના ભાઈ થાય. નાનપણથી જ સંસાર પ્રત્યે ઉદાસીનતા. તેમાંયે ભગવાન નેમનાથના ત્યાગની ભારે અસર દીક્ષાની ઝંખના.

પણ માતાને તો પુત્રને પરણાવવાનો લ્હાવો લેવો હતો. ગજસુકુમાળને લગ્ન કરવા માટે માતાએ ઘણી ઘણી દલીલો કરી. ગજસુકુમાળે આખરે એક શરત મૂકી. 'તમારી ઇચ્છા છે તો હું લગ્ન કરીશ. પણ તે પછી હું તમારો કે કોઈનો બંધાયેલો નહિ! ગમે ત્યારે દીક્ષા લઈ લઉં.' માતાને એમ હશે કે સંસારનો રંગ કેવો છે તે તો લગ્ન પછીથી જ એને ખબર પડશે. કદાચ દીક્ષાની વાત પણ નહિ કરે! માતાએ શરત મંજુર રાખી.

ગજસુકુમાળે સ્પષ્ટતા કરી. 'મારા નિર્ણયની વાત જણાવીને જ વિવાહ કરજો. આવનારીને અંધારામાં ન રાખશો!'

સોમિલ નામના બ્રાહ્મણની કન્યા સાથે એમના લગ્ન થયા— પતિ ગમે ત્યારે સાધુ બની જશે એમ જાણવા છતાં.

પણ ... માતાની ઇચ્છા બર ન આવી. પુત્રને પરણાવીને લ્હાવો તો લીધો પણ ત્યાર પછીની એમની ધારણા ખોટી પડી! ગજસુકુમાળને સંસારનો રંગ ન લાગ્યો! તે નજ લાગ્યો!



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક દિવસ વિચરતાં વિચરતાં ભગવાન નેમનાથ દ્વારિકા પધાર્યા. શ્રી કૃષ્ણ સાથે આવેલ ગજસુકુમાળે ભગવાનને વંદીને દીક્ષા લેવાની ઇચ્છા બતાવી. માતાથી કે શ્રી કૃષ્ણથી કંઈ જ બોલાય એમ હતું નહિ.

દીક્ષા લીધી. અને ભગવાન નેમનાથની આજ્ઞા લઈને ઘોર સ્મશાન જેવા એકાંત અને ભયાનક સ્થળમાં આત્મસાધના કરવા લાગી ગયા.

એક દિવસ આવી રીતે ધ્યાન ધરતાં એમને, એમના સસરા સોમિલે જોયાં. આ બ્રાહ્મણને ગજસુકુમાળ પર ખૂબ ગુસ્સો આવ્યો હતો. એની દીકરીનો આણે ભવ બગાડ્યો હતો! ગજસુકુમાળને જોતાં જ વેરનો અગ્નિ ભભૂકી ઉઠ્યો. 'સારો લાગ મળ્યો છે, બેટમજીને બરાબર પાઠ આપું કે કોઈની કોડ ભરી કન્યાનો હાથ પકડીને પછી રઝળાવનારની કેવી હાલત થાય છે!

મુનિ ગજસુકુમાળને શિક્ષા દેવા માટે એણે શું કર્યું ?

સૂના રે સ્થાનમાં, ઘોર સ્મશાનમાં
ધ્યાનમાં ઉભા રે મુનિ ગજસુકુમાળ.
કૃષ્ણના બંધુ, કરુણાના સિંધુ
ધ્યાનમાં ઉભા રે મુનિ ગજસુકુમાળ.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નાની રે વયમાં થયા વૈરાગી
પરણીને પળમાં પત્નીને ત્યાગી
લીધી રે દીક્ષા, સાચી રે શિક્ષા
જાણી લીધો સંસાર અસાર.

નેમજીને હાથે સંયમ લીધું
જીવતર એણે ઉજ્જવળ કીધું
પુત્રને જોતી, માતા રે રોતી
તો ય ન થોભ્યા મુનિ ત્યાં લગાર!

ધ્યાનમાં ઊભેલા જમાઈને જોયાં
સસરાએ ત્યારે સાન ભાન ખોયાં!
ગુસ્સો કરીને, માથે મુનિને
બાંધી દીધી એણે માટીની પાળ.

પાળમાં પછીથી એણે નાખ્યાં અંગારાં
તો યે મુનિની આંખે સમતાની ધારા
સળગંતી સગડી, મુનિ માને પાઘડી!
સસરાનો ચિંતવે છે મનથી ઉપકાર!

ધન્ય એ મુનિવર ગજસુકુમાળ
શિવ રાણીને વર્યા તત્કાળ
કેવળ પામ્યા, કર્મને વામ્યા
કોટિ કોટિ વંદન ગજસુકુમાળ!

☆



For Private and Personal Use Only

# ક્ષમાપના

પર્યુષણનું મહામંગલકારી પર્વ,
સંવત્સરીનું પાવનકારી પ્રતિક્રમણ,
વેર ઝેરને વિસારતી ક્ષમાપના,
ક્ષમા વીરસ્યા ભુષણમનો મહિમા,
આ બધાંનો સુમેળ આમાં સધાયો છે.

વિતભય નગરી કેરો રાજા ઉદયન મહા પ્રતાપી
ધર્મેશ્વરો, કર્મેશ્વરો કીર્તિ જગમાં વ્યાપી.
ભક્ત હતો એ પ્રભુ મહાવીરનો ન્યાય–નીતિથી ચાલે
પ્રાણથી પ્યારી એની પ્રજાને પુત્ર સરિખી પાળે
સત્ય–પ્રેમનું સંગીત રહેતો અંતરમાં આલાપી.

પ્રભાવશાળી ધર્મપત્ની છે પ્રભાવતીને નામે
માતા સમ સન્માન પ્રજાનું આ મહારાણી પામે
એક દિવસ કોઈ દેવે રાણીને સુવર્ણ – પ્રતિમા આપી.

☆

દેવે દીધેલી, સોને મઢેલી,
આ પ્રભુની પ્રતિમા
ઘર ઘરમાં મ્હેંકી રહ્યો છે
આ મૂર્તિનો મહિમા

રાજા રાણી રોજ પ્રભાતે પૂજન–અર્ચન કરતાં
સ્નેહી સુવાસિત પ્રેમના પુષ્પો પ્રભુને ચરણે ધરતાં
આ દંપતિના દિલડામાંહી શ્રદ્ધાની નથી સીમા !

☆



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક દી' કાળ અચાનક આવી હરી ગયો રાણીને
છેલ્લી ઘડીએ પ્રભુમંદિરથી ભાળ દીધી દાસીને.

વિતભય નગરીના રાજા ઉદયનની ધર્મપત્ની પ્રભાવતીને કોઈએ પ્રભુની સુંદર સુવર્ણ પ્રતિમા ભેટ આપી હતી. રાજારાણી અત્યંત ભાવપૂર્વક એનું પૂજન અર્ચન કરતાં.

થોડા સમયમાં મહારાણી મૃત્યુ પામી. નાનકડું પ્રભુમંદિર એની વિશ્વાસુ દાસીને સોંપાયું. દાસી હતી દેખાવમાં તો સાવ કદરૂપી પણ અત્યંત વિશ્વાસુ અને પ્રમાણિક. રાણીના એના પ્રત્યે ચારે હાથ. તેથી જ તો આ મંદિરની સોંપણી એને કરી.

કાળી ને કદરૂપી દાસી કરતી મંદિર કેરું જતન
સાચા ભક્તિભાવે એ તો નિશદિન કરતી પ્રભુનું સ્તવન
કાજળ કેરી અમાસ જેવું રૂપવિહોણું એનું તન
અંગ ભલે ને અણગમતું કિન્તુ એનું ઉજ્વળ મન!

☆

એક દિવસ દૂર દૂરથી રાજાનો એક વેપારી મિત્ર મહેમાન થઈને આવ્યો. ઉદયન રાજાએ એની સારસંભાળ માટે પેલી કાળી દાસીને મૂકી. એની સેવાભક્તિ જોઈને આ વેપારી પ્રસન્ન થયો અને થોડી સુવર્ણગુટિકાઓ આ દાસીને ભેટ આપી. આ ગોળીઓમાં કાયા કલ્પ કરવાની અદ્ભૂત શક્તિ હતી.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પૂજ્ય ભાવથી આ કુબ્જાએ અતિથિ સેવા કીધી
પ્રસન્ન થઇને પ્રવાસીએ પણ સુવર્ણગુટિકા દીધી
સુવર્ણગુટિકાના સેવનથી થઇ ગઇ કંચન કાયા
દાસી કેરા કિસ્મત ખૂલ્યાં રૂપ રંગ બદલાયાં!

☆

તન પલટાતાં મન પલટાયું
સાથે જીવન પણ પલટાયું
ઉઘડી રહી કો કુસુમ કળી
આંખોમાં ચમકી વીજળી
વનમાં જાણે વસંત આવી અંગ અંગ યૌવન છલકાયું!
કંઠમાં બેઠી કોયલડીને મધુર બની ગઇ વાણી
એના રૂપની પાસે જાણે પાણી ભરે મહારાણી!
મહારાજાને વરવા કરવા મન એનું લલચાયું!

☆

ચિતરાવીને ચિત્ર મોકલ્યું એણે અવન્તિ દેશ
'પસંદ પડે તો પરણી જજો' એમ કહ્યો સંદેશ!

☆

સુવર્ણગુટિકાએ આ દાસીનું સમગ્ર જીવન બદલી નાખ્યું. નવું રૂપ આવ્યું તો એની સાથે રૂપનું અભિમાન પણ આવ્યું. પોતાની કોઈ મહારાણી કરતાં પણ વિશેષ સમજવા લાગી. ઉદયના રાજા તો પ્રૌઢાવસ્થામાં ધર્મધ્યાનમાં ઉતરી ગયા હતા. એટલે એણે અવંતિ દેશના ચંડપ્રદ્યોત તરફ નજર દોડાવી. એણે સાંભળ્યું હતું કે આ ચંડપ્રદ્યોત નિત નવાં નવાં સૌંદર્યનો



For Private and Personal Use Only

શોખીન છે. એક ચિત્રકાર પાસે પોતાનું અદ્દભૂત ચિત્ર દોરાવીને મોકલી આપ્યું. ચિત્ર જોતાં જ વિલાસી રાજા મોહીત થયો. એને તો જાણે ઘેર બેઠા ગંગા આવી !

અવન્તિ પતિ રાજા ચંડપ્રદ્યોત
શોખે પતંગિયું નિત નવી જ્યોત.

નવાં નવાં શોખ નિરંતર જાગે
નવાં નવાં ભોગ નિરંતર માગે
ચિત્ર નિહાળી પ્રકાશ્યું રે પોત !

નિસર્યો એ તો શણગારીને હાથી
ઉદયનની દાસીને લીધી ઉપાડી
પરવા નથી ભલે આવે ને મોત !

☆

સંકેત પ્રમાણે એક દિવસ હાથી પર ચઢીને ચંડપ્રદ્યોત આવ્યો. મહેલના પાછલા દરવાજેથી એણે દાસીને ઉપાડી લીધી. આ બધાં ભાગ્યનો પ્રતાપ પેલું નાનકડું સુવર્ણમંદિર જ છે. એમ શ્રદ્ધાથી માની રહેલી આ દાસીએ મંદિરને પણ પોતાની સાથે જ લીધું. ચંડપ્રદ્યોતે ના પાડી છતાં.

હરખાતે હૈયે આ દાસી ચાલી નીકળી રાજા સાથે
લીધું એણે પ્રાણથી પ્યારાં મંદિર પણ સંગાથે !

☆



For Private and Personal Use Only

ઉદયન રાજાએ જાણ્યું આ દેવ અને દાસીનું હરણ
અંગે અંગે ક્રોધ ભભૂક્યો સળગી ઉઠ્યાં તન ને મન
કપટ કરીને લંપટ રાજા ઝપટ કરી ગયો દાસી
પ્રભુ મંદિરની સાથે એણે લૂંટી આબરૂ ખાસી !

☆

પોતાની પ્રિય પત્નીના મૃત્યુ પછી રાજા ઉદયન ધર્મધ્યાન તરફ વળવા લાગ્યો હતો. પણ જ્યારે ચંડપ્રદ્યોતે એના દેવ અને દાસી બંનેનું હરણ કર્યું એ જાણ્યું ત્યારે એનો આત્મા કકળી ઉઠ્યો. એને ભયંકર અપમાન લાગ્યું.

તપાસ કરતાં એને સમજાયું કે આ કારસ્થાન પેલી દાસીનું જ હતું. એણે જ ચંડપ્રદ્યોતને પોતાને લઇ જવાનું આમંત્રણ આપ્યું હતું. તેથી દૂતની સાથે સંદેશો મોકલ્યો કે દાસીને રહેવું હોય તો ભલે રહે પણ મારું સુવર્ણમંદિર પાછું મોકલી દે.

ચંડપ્રદ્યોતે એની વાતને હસી કાઢી. એને એમ હશે 'આ ધર્મનું પૂંછડું તે શું કરી નાખવાનું હતું ? 'થાય તે કરી લે.'

ચંડપ્રદ્યોતના આવા ઉદ્ધત જવાબથી ઉદયનને ઝાળ લાગી ગઇ. ફરી વાર દૂતને મોકલ્યો. જણાવ્યું કે 'હું શાંતિ ચાહું છું. મને યુદ્ધનો શોખ નથી. છતાં તારી એ જ ઇચ્છા હોય તો રણમેદાનમાં આવી પહોંચજે !'

ચંડ બની ગયો અંધ વિલાસે
સારાસાર વિવેક ન ભાસે
શક્તિનું અભિમાન હતું
ના દુનિયાનું ભાન હતું
ઉદયનની શાંતિની વાતો ગણી લીધી ઉપહાસે !



For Private and Personal Use Only

યુદ્ધના શંખ ફૂંકાયાં !
ગડ ગડ ગડ નોબત ગર્જે રણભેરી નાદ સુણાયા.

ડંકા – નિશાન વાગ્યાં
બંકા જુવાન જાગ્યાં
શત્રુદળ સંહાર કાજ વિધવિધ હથિયારો સજાયાં.

ઉભય દેશની સેના આવી ઊભી સજ્જ થઈને
ધસમસતાં કંઈ વીર જવાનો તીર કમાનો લઈને
તરવરતાં ઉમટ્યાં રણયોદ્ધા મોત હાથમાં લઈને
દૃશ્ય નિહાળી મહાકાળ પણ ઊભો સ્તબ્ધ થઈને !
વેર ઝેર હિંસાના વાદળ જાણે ગગન છવાયાં.

☆

જામી રહી લડાઈ.
કેસરીસિંહ સમા રણયોદ્ધા કરી રહ્યાં હરિફાઈ.
ધર્મવીર આ ઉદયન રાજા યુદ્ધ કર્મમાં શૂરો
ચઢ્યો ઝનૂને ચંડરાય પણ ઉતરે નહિ અધૂરો
ઉપર – નીચે – ચઢે – પડે તો થાય ઘડીક સરસાઈ !

ત્યાં તો એક મજબુત પ્રહારે ચંડ ગયો પટકાઈ
ઘોર પરાજય થયો વદનપર કાળી મેશ છવાઈ !

કેદી બન્યો ઘમંડી બેડી હાથે પગે જડાઈ
ચંડ લલાટે દાસીપતિની બદનામી અંકાઈ !

☆

બંને પક્ષના હજારો શૂરા યુદ્ધના મેદાનમાં સજ્જ થઈને આવી ઉભા. અહીં ઉદયન રાજાને અહિંસા યાદ આવી ગઈ. ચંડપ્રદ્યોતને પૂછ્યું: 'આપણે બંને જ લડી લઈએ તો કેમ? શા માટે આ નિર્દોષ હજારો ને સંડોવવા?'

પોતાના બળના અભિમાની ચંડને તો આ મનફાવતી વાત થઈ. તરત જ એણે સહર્ષ સ્વીકારી લીધી!

બંને ખૂબ લડ્યાં. આખરે ચંડ હાર્યો. એનું ગુમાન ઉતરી ગયું. હાથે પગે બેડી જડાઈ ગઈ. ગર્વથી ઊંચું રહેતું મસ્તક નમી પડ્યું. દાસીને પરણ્યો તેથી એના લલાટ પર 'દાસીપતિ' એવું બદનામી સૂચક નામ લખવામાં આવ્યું. અને કેદમાં પૂરી દીધો.

હિંસાત્મક યુદ્ધ ટળી ગયું. ઉદયને પાછા વળવાની તૈયારી કરવા માંડી. ત્યાં તો...

ત્યાં તો લોક અવન્તિનું આવ્યું
કર જોડીને, દીન બનીને સૌએ શીર નમાવ્યું
દેવ તણી તો થઈ છે પ્રતિષ્ઠા
લોકને હૈયે છે સાચી નિષ્ઠા
ઉથાપશો મા, દેવ અહીંથી આપીશું મોં માંગ્યું!

☆



For Private and Personal Use Only

ગમે તેમ પણ ચંડપ્રદ્યોત હતો તો ભગવાન મહાવીરનો અનુયાયી. દાસીએ આણેલી સુવર્ણ પ્રતિમાને એણે ગામના મધ્ય ભાગમાં ભવ્ય દેરાસર બનાવી એમાં વિધિયુક્ત પ્રતિષ્ઠા કરાવી હતી. લોકોને પણ એમાં શ્રદ્ધા બેઠી હતી. પોતાનો રાજા હાર્યો એમ જ્યારે પ્રજાએ જાણ્યું ત્યારે એમને લાગ્યું કે આ લડાઈ હતી તો આ પ્રતિમા માટે. હવે એ ઉદયન રાજા લઈ જ જશે. તેથી સૌ વિનંતિ કરી રહ્યાં. એક તો રાજા હાર્યો અને તેમાં જો ભગવાનનું ઉત્થાપન થાય તો તો કોણ જાણે શું નું શું થઈ જાય એવી બીક એમના મનમાં પેઠી હતી.

સુણી વિનંતિ અવન્તિ પ્રજાની ઉદયન કરે વિચાર
'પ્રભુ ભલે ને અહીં બિરાજે, હવે નથી તકરાર !

☆

ઉદયન રાજાની ઉદારતાની અવધિ આવી ગઈ. પ્રભુને તો ત્યાં રહેવા દીધા પણ એમણે એ ગામને પણ ચંડપ્રદ્યોતના નાના પુત્રને રાજ્યાભિષેક કરાવીને સોંપી દીધું !

વિજયનાં ગીત ગાતી ગાતી સેના પાછી ફરી. રસ્તામાં જ પર્યુષણ પર્વના દિવસો આવ્યા. ધર્મિષ્ઠ રાજાએ નિર્ણય કર્યો. એક મોટા ગામમાં જ ડેરા તંબુ તાણ્યા. પર્યુષણના પવિત્ર દિવસમાં આઠે દિવસ સૌએ યથાશક્તિ ધર્મધ્યાન કર્યું.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુણ્યનું પોષણ, પાપનું શોષણ
પર્વ પજુષણ આવ્યા રે.

અંતર શોધન, વેર વિલોપન
પર્વ પજુષણ આવ્યા રે.

ભક્તિ ભાવથી, શક્તિ પ્રમાણે સૌ કોઈ વ્રતને ધારે
આતમધ્યાને લીન બનીને જીવનને અજવાળે,
સંવત્સરીનું કરી પડિકમણું
એક બીજાને ખમાવ્યાં રે!

☆

ઉદયન કરે વિચાર
પ્રતિક્રમણ કરતાંની સાથે ઉર કરે પોકાર;

'ચંડ ભલેને શત્રુ જતાં પણ
ભક્ત પ્રભુ મહાવીરનો
શત્રુને પણ ક્ષમા આપવી
ધર્મ ખરો શુરવીરનો'
મિચ્છામિ દુક્કડં દેવાનો કરી દીધો નિરધાર!

☆



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભાવપૂર્વક સૌએ સંવત્સરી પ્રતિક્રમણ કર્યું. 'ખામેમિ સવ્વ જીવે' નો પાઠ સહુએ ઉચ્ચાર્યો. એ શબ્દો જાણે ઉદયનના હૈયામાં કોતરાઈ ગયા. 'વેરં મઝઝં ન કેણઈ' મારે કોઈની સાથે વેર ન હોય. ત્યાં તો આત્માએ પોકાર કર્યો: 'ચંડપ્રદ્યોત મિત્ર કે શત્રુ ?' એણે ચંડરાજાને ખમાવવાનો અને મુક્ત કરવાનો નિશ્ચય કર્યો. મંત્રીઓએ એવા નાલાયક રાજાને છોડી મૂકવામાં રહેલા જોખમનો ખ્યાલ આપ્યો. છતાં ઉદયન મક્કમ રહ્યાં અને તરતજ

દુશ્મન પાસે દોડી જઈને
ઉભા રહ્યાં કર જોડી
ખમી ખમાવી ભેટ્યાં બંને
દીધી બેડીઓ તોડી !

મુક્ત બનેલા ચંડ નયનમાં વહેતી અશ્રુધાર
ધર્મવીર ઉદયન રાજાનો ગાજ્યો જય જયકાર !
ગાજ્યો જય જયકાર !

☆



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્થૂલિભદ્ર

મગધના નંદરાજાના મહામંત્રી શકડાલના પુત્ર તે સ્થૂલિભદ્ર. નાનપણથી જ એને સંસાર પ્રત્યે ઉદાસીનતા. રાજકરણ તથા યુદ્ધની સંપૂર્ણ તાલિમ લીધા છતાં પણ હૃદયમાં તો વૈરાગ્યનો જ રંગ લાગેલો. એને માત્ર એક જ શોખ. સમય મળે ત્યારે વીણા લઈને બેસી જાય અને આત્માના તાર જોડે વીણાના સ્વરોને ઓતપ્રોત કરે.

આ છે રંગભરેલી કહાણી
ભાત ભાતના રંગ ભરીને વિધાતાએ ઘડેલી
પાને પાને રસ નીતરતી છે ઇતિહાસે મઢેલી
રાગ–વિરાગના નાદે વહેતાં સ્નેહ–ગંગાના પાણી.

પહેલાં હતો વિરાગી
પછી બન્યો અનુરાગી
તેમાં પણ પરિવર્તન પામી
થઈ જતો મહા ત્યાગી !

સ્થૂલિભદ્રનું વર્ણન કરતાં રહે અધુરી વાણી
આ છે રંગ ભરેલી કહાણી

☆



For Private and Personal Use Only

સ્થૂલિભદ્ર બજાવે વીણા
ઝંકાર ઉઠે કંઇ ઝીણા
સરગમ સુણતાં ડોલી રહેતાં કંઇ કંઇ હૈયા હીણા !
સ્થૂલિભદ્ર બજાવે વીણા

☆

આ દુનિયા પર આવી ચડ્યો કોઇ
અન્ય દેશનો વાસી
એનું હૈયું રહે ઉદાસી
જેમ જળમાં મીન–પિયાસી
રાજકાજમાં ચિત્ત ન લાગે
નારીની છાયાથી ભાગે
આદર્શોમાં ઊડી રહ્યું કોઇ પંખીડું આકાશી.

મહામંત્રી શકટાલ મુંઝાતા
પુત્રના વર્તનથી અકળાતા
મંત્રીપદનું આસન દેવા હ્રદય હતું અભિલાષી.

☆

ભવિષ્યમાં સ્થૂલિભદ્ર મંત્રીપદ સંભાળી લે તો પોતાથી નિવૃત્તિ લઇ શકાય એવી મહામંત્રીની ઇચ્છા હતી. પુત્રની ઉદાસીનતાથી તેઓ અકળાઇ જતા. સ્થૂલિભદ્રને સંસાર પ્રત્યે વાળવા–રસ લેતો કરવા–પરણાવવાની પણ સૂચના કરી પણ લાચાર.

એક દિવસ જુદી જ ઘટના બની !



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કોઈ ઉત્સવનો દિવસ આવ્યો અને મોટો દરબાર ભરાયો. સંગીત – નૃત્યની મહેફીલ જામી પડી. રૂપકોશા નામની રાજગણિકા એમાં મુખ્ય હતી. રૂપરૂપના અંબાર સરખી આ રૂપકોશા સંગીત શાસ્ત્ર તથા નૃત્યકલામાં તે સમયે ભારતવર્ષમાં પ્રસિદ્ધ હતી. એનું નૃત્ય – સંગીત જોવા – સાંભળવા દૂર દૂરના રાજામહારાજાઓ ઉત્સુક થઇ જતાં.

આ રાજસભામાં મહામંત્રીની સાથે સ્થૂલિભદ્ર આવ્યો. રૂપકોશાની અદ્ભૂત કલા જોઇને મુગ્ધ થઇ ગયો. સભામાં કોઇએ સ્થૂલિભદ્રને પણ વીણા વગાડવા માટે આગ્રહ કર્યો. એને વીણા વગાડવી પડી. પોતાને કલામાં સર્વોપરી માનતી રૂપકોશા આ વીણાવાદન સાંભળીને ભોંઠી પડી ગઇ. પોતાથી ચઢીયાતા પુરૂષને જોઇને એને સ્થૂલિભદ્ર પ્રત્યે આકર્ષણ થયું. બંનેનો પરિચય થયો અને —

વાગે રે, વાગે રે, વાગે રે
રુમઝુમ પાયલ વાગે રે
સ્વર્ગીય સંગીત ગુંજી રહ્યું ત્યાં
મીઠા મધુરા રાગે રે.

ગંધર્વલોકથી કોક અપસરા
જાણે ઉતરી આવી
વીજળીનો વેગ ધરી
નયનોમાં તેજ ભરી
પૂનમું રૂપ લઇ આવી.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ રૂપકોશા, બહુ અનોખા
સ્વપ્નાની સૃષ્ટિ સજાવી
દીધું દુનિયાનું ભાન ભુલાવી.
સ્થૂલિભદ્રના હૈયાના દ્વારો
જાણે ઉઘડતાં લાગે રે
રુમઝુમ પાયલ વાગે રે.

રાજગણિકા કોશા કેરૂં સાંભળ્યું અદ્ભુત સંગીત
સંગીતમાંથી સરજાતી કો જનમ જનમની પ્રીત
રૂપ અનોખું, કંઠ અનોખો, અભિનવ નર્તન રીત
સ્થૂલિભદ્રની હાર થઈ ગઈ થઈ પ્રેમની જીત!

☆

રૂપકોશાએ સ્થૂલિભદ્રને પોતાને ઘેર આવવાનું ભાવભર્યું આમંત્રણ આપ્યું. સ્થૂલિભદ્ર ના ન પાડી શક્યો. તે ગયો. અને ગયો તે ગયો!

રૂપકોશાએ કામણ કીધાં
તલવારો વિંઝણહારના હાથમાં તંબૂર સોંપી દીધાં!

શસ્ત્ર સજી સંગ્રામ જનારો
નૃત્ય ને સંગીત સાધે
બખ્તર બાંધનારો આજ
નારીના પગમાં ઝાંઝર બાંધે!
તન મન ને એણે હરી લીધાં
રૂપકોશાએ કામણ કીધાં

☆



For Private and Personal Use Only

પ્રગટયું જીવનવીણાનું ગાન
ભિન્ન ભિન્ન છે દેહ ઉભયના કીધું એક જ પ્રાણ
નવાં નવાં નર્તન સરજાતાં
નવાં નવાં ચિત્રામણ થાતાં
પાયલના ઝંકારે ભૂલતાં આ દુનિયાનું ભાન.
સ્થૂલિભદ્ર તો રહી ગયો અહીં કુટુંબકબીલો છોડી
માનસરોવરમાં વિહરતી રાજહંસની જોડી
મસ્ત બનીને રહ્યાં નિરંતર ગાન – તાન – ગુલતાન.

☆

એક સાંજને સમે સ્થૂલિભદ્ર કોશાને ત્યાં ગયો. આખી રાત એમણે ખૂબ વાતો કરી – ચર્ચા કરી. એક બીજામાં જાણે ખોવાવા લાગ્યા. સ્થૂલિભદ્રના ઘેરથી તેડવા માટે માણસ આવ્યો. 'કાલે આવીશ' એમ કહી વિદાય કર્યો !

દિવસ અને રાત એમની કલા સાધના ચાલુ રહી. સંગીત – નૃત્યના નવા નવા પ્રયોગો રચાવા લાગ્યા. અને લગ્ન વિનાનો એમનો સંસાર સોળે કળાએ ખીલવા લાગ્યો. પણ પિતાની હાલત કેવી થઇ !

ચિંતાતુર બન્યા શકટાલ
વ્હાલ ભરેલા એક પિતાનો આજ ખોવાયો લાલ.
ધાર્યું તું' શું ને શું રે થયું ?
પિંજરથી પંખી ઊડી રે ગયું !
'કાલે આવીશ' એમ કહે પણ એની પડે ન કાલ !
દિવસો ગણતાં મહિનાઓ વીત્યાં
મહિનાઓ નહિ પણ વરસો વીત્યાં
પુત્રનું આવું અધઃપતન જોઇ બાપ બન્યા બેહાલ.

☆



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ રૂપકોશાની સાથે રંગરાગ ખેલતાં બાર બાર વરસના વ્હાણા વહી ગયાં. વૈરાગી જીવ જાણે સંપૂર્ણ વિલાસી થઇ ગયો. ઘેર જવાયું જ નહિ. આ બાર વરસોમાં તો મગધની રંગભૂમિ પર અનેક નાટકો ખેલાઇ રહ્યાં !

મહામંત્રી શકટાલની શક્તિને કારણે લડાઇઓ બંધ થઇ હતી. પણ એનાથી પરિણામ ઉલટું આવ્યું. રાજા અને પ્રજા કાવ્ય અને સંગીત રસમાં તરબોળ થવા લાગી. નવા કાવ્યોનો શોખીન નંદરાજા કવિઓને ઢગલેબંધ સોના મહોરો આપી દીધો. સ્વાભાવિક મહામંત્રીને ચિંતા થઇ. રાજ્યની ભલાઇની ચિંતામાં પડેલા મહામંત્રીને ઘણી બુરાઇઓનો સામનો કરવો પડ્યો. કંઇક સાથે વેર બંધાયા. રાજા કાનનો કાચો નીવડ્યો–આખર ...

શકટાલ મહામંત્રીને પોતાની જાતનું બલિદાન દેવું પડ્યું !

મરતી વખતે એક નાનકડો સંદેશો સ્થૂલિભદ્રને મોકલાવ્યો હતો. પિતાના અચાનક મૃત્યુના સમાચાર અને પ્રેમાળ પિતાએ મોકલેલ સંદેશો એનાથી સ્થૂલિભદ્રના હૃદયને જબરો આંચકો લાગ્યો. હૃદયમંથન શરૂ થયું. સંદેશોમાં આવો ભાવ હતો.

'કહેજો કુળના ગૌરવ કાજે મેં દીધું બલિદાન
સ્વભાવને સાચવવા સારૂ તજી દીધાં છે પ્રાણ
કહેજો હૈયે હોંશ હતી કે પુત્ર થશે જ મહાન
કીધુ ભાન ભૂલી રહ્યો, ગણિકામાં ગુલતાન!
ચેત હજી છે. સમય હાથમાં જો આવે કંઇ સાન
બીજું તો હું શું કહું ? ભલું કરો ભગવાન !

☆



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંદેશામાં પિતાનું વાત્સલ્ય હતું – કરુણા હતી. એમાં રહેલી વેદનાએ સ્થૂલિભદ્રના આત્માને જાગૃત કર્યો. તે સાથે એવા સમાચાર આવ્યા કે એની સાતેય બહેનો દીક્ષા લેવા જઇ રહી છે. અને તે સાથે જ પશ્ચાતાપે ભીંજાયેલા હૃદયે ત્યાંજ સંયમનો નિરધાર કરી દીધો !

વિલાસના ઘેન ઉતરી ગયાં.

સંદેશાએ સ્થૂલિભદ્રની આંખ ઉઘાડી
ઘેન ભર્યાં નયનોમાંથી નિંદ ઉરાડી.
નિંદરમાં પોઢેલો આજે જાગી ઉઠ્યો પ્રાણ
જાગી ઉઠ્યો પ્રાણ હતો જે આજ લગી અણજાણ.

સાંભરી આવ્યું વ્હાલ પિતાનું સાંભર્યો એમનો ત્યાગ
સંસાર છોડીને સાતે બહેનો લઇ રહી વૈરાગ !
ઉજળા પંથે જવું હતું તો આવી ગયો અંધકાર
રે'વું નહિ પળવાર અહીં એમ કરી દીધો નિરધાર !!

☆

મહામંત્રીનો વધ ભર્યા દરબારમાં એમના નાના પુત્ર શ્રિયકને હાથે જ થયો. ત્યારેજ રાજાની ને બીજાઓની આંખ ઉઘડી. સ્થૂલિભદ્રને મહામંત્રી બનાવવા માટે આમંત્રણ મોકલ્યું. 'હું એ પદને લાયક રહ્યો નથી' એમ કહી એણે ઇન્કાર કરી દીધો. એનું મન સાધુતામાં રંગાયું.

બાર બાર વરસ સુધી જેમણે પતિ – પત્ની તરીકે રહીને સંસાર માણ્યો છે એવાઓને છુટા પડવાની ઘડી આવી પહોંચી છે. રૂપકોશાની શી દશા થાય છે.



For Private and Personal Use Only

પરિવર્તન પ્રિતમનું જોઇ કોશા થરથર કંપે
ગંભીર મુખ સ્વામીનું જોઇ જીવ જરી ના જંપે.

☆

કોશાસુંદરી રહી કરગરી
આંખે આંસુ ભરી ભરી
'બાર બાર વરસોથી રહી છું થઇને તમારી છાયા
જોગી થઇને જવું હતું તો શીદ લગાડી માયા ?
નાથ કરુણા કરો જરી.

આખર સાધુ થવું હતું તો શીદ માંડ્યો સંસાર ?
ભર દરિયે છોડીને જતાં આવે કાંઇ વિચાર !
હજી વિચારો ફરી ફરી
કોશાસુંદરી રહી કરગરી.

☆

સ્થૂલિભદ્રે કોશાને સમજાવવા માંડી.
સ્થૂલિભદ્ર સમજાવે.

'અંજળ પૂરા થયાં આપણાં કોઇ મને બોલાવે.
સાચું સુખ હતું ના જરીયે આજ લગી જે માણ્યું
બંધન છે કારણ સહુ દુઃખનું આજ હવે મેં જાણ્યું.
અંતરમાં બેસીને કોઇ નવો માર્ગ બતલાવે'
સ્થૂલિભદ્ર સમજાવે.



For Private and Personal Use Only

'રાત પછી જેમ દિવસ આવે
તડકા પાછળ છાંયા
એમજ યોગ–વિયોગ તણી છે
આ સંસારની માયા
દૂર દૂરથી શાશ્વત સુખનો કોઈ સંદેશો લાવે.'

સ્થૂલિભદ્ર સમજાવે.
'આજ સુધી હે સખી, પરસ્પર કંઈ લીધું કંઈ દીધું
ક્ષમા ચાહું છું કદીય તુજને વેણ કટુ જો કીધું
હસતે મુખડે વિદાય દે જે જો જે આંસુ ના'વે !'

☆

તત્ક્ષણુ સ્થૂલિભદ્ર તો થઈ ગયા તૈયાર
એક પછી એક વસ્ત્ર ઉતાર્યાં, દૂર કર્યાં શણગાર
મુઠ્ઠી વાળી જોરથી ખેંચી કાઢ્યાં વાળ
ખમી ખમાવી જગતને ચાલ્યાં રે તત્કાળ !

☆

કેવાં કર્મના ખેલ રે ભાઈ, કેવાં કર્મના ખેલ રે
ના સમજાયે સ્હેલ રે ભાઈ, કેવાં કર્મના ખેલ ?

નાચ–ગાન ને રૂપની પાછળ રહ્યો હતો જે રાગી
ભોગ તજીને, જોગ લઈને આજ બન્યો રે ત્યાગી
મુક્તિનગર જવાને નીકળ્યો કોઈ કેદી તોડીને જેલ
રે ભાઈ, કેવાં કર્મના ખેલ !

☆



For Private and Personal Use Only

સ્થૂલિભદ્ર સાધુ બની ગયા. ત્યાગનો રંગ ઘેરો બન્યો. જ્ઞાનોપાસના તિવ્ર બની. સાધના ઉત્કટ થઈ.

વરસાદના દિવસો આવ્યા. ચાતુર્માસનો સમય રૂપકોશાના રંગમહેલમાં રહીને ગાળવાનો પોતાનો વિચાર ગુરુદેવને જણાવ્યો. ગુરુએ યોગ્યતા જાણી સંમતિ આપી.

ફરી એક વાર મુનિ સ્થૂલિભદ્ર રૂપકોશાના દ્વારે આવીને 'ધર્મલાભ' કહી રહ્યા. ચાતુર્માસ ત્યાં રહેવાની આજ્ઞા માગી. રૂપકોશા તો એમને જોઈને ઘેલી બની ગઈ. ગુમાવેલો સાથી પાછો મળશે એવી આશા જાગી.

આવ્યો ચાતુર્માસ
સંયમ ફેરી કસોટી કરવા આવ્યા કોશા પાસ
નરનારીના રંગરાગના ચિત્રો હતાં ચોપાસ
એવા મોહક સ્થાનમાં મુનિએ કર્યો નિવાસ.

સાધુને સંસારી કરવા
ષટરસ ભોજન દીધાં
પળમાં ચિત્ત ચળાવે એવાં
અદ્ભુત નૃત્યો કીધાં
એમાં થઈ નિરાશ!

મુનિ ડગ્યાં નહી ધ્યાનથી કોશાની થઈ હાર
ચરણો પાસે ઢળી પડી નયણે આંસુધાર!



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રૂપકોશાના અંતર કેરો
દૂર કર્યો અંધકાર
સાચી શ્રાવિકા બનાવી
કરી દીધો ઉદ્ધાર.
સ્થૂલિભદ્ર – કોશાએ દીધો જગને પ્રેમ – પ્રકાશ.

☆

मंगलं भगवान वीरो
मंगलं गौतम प्रभु
मंगलं स्थूलिभद्राद्याय
जैन धर्मोऽस्तु मंगलम्

☆



For Private and Personal Use Only

# ઇલાચીકુમાર

શ્રીમંત માબાપનો જુવાન પુત્ર એક દિવસ નટ લોકોના ખેલ જોવા ગયો. આ નટ લોકો સંગીત–નૃત્ય તથા અંગ કસરતના મનોરંજક ખેલો કરે. એમાં મોટું આકર્ષણ હતું એક સુંદર નટકન્યાનું રૂપરૂપના અંબાર જેવી. કંઠમાં કોયલ જેવી આ યુવતી પગમાં ઝાંઝર બાંધી નૃત્ય કરે ત્યારે તો ભલભલા ડોલવા લાગે! મદારીની મોરલી સામે જેમ નાગ ડોલે એમ!

ગામના ચોકમાં આ ખેલ શરૂ થયો. એમાં આ નગરશેઠનો પુત્ર ઇલાચીકુમાર પણ ભળ્યો હતો.

ખેલનો આરંભ આ રીતે થયો:

ઢોલકાં વાગે ઢોલકાં વાગે
ઢોલકાં વાગે રે.

રુમક ઝૂમક છનક છૂમ
ઘૂંઘર વાગે રે
ઢોલકાં વાગે રે.

હે... મીઠી મીઠી મોરલી વાગે
ઠમક ઠથક ઝાંઝર વાગે
સુણી સુણી નાદ કંઇ લોક જાગે રે
ઢોલકાં વાગે રે



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવો આવો લોક સહુ
નાના મોટા થોક સહુ
ગામ કેરે ચોક સહુ
જાદુના ખેલ જુઓ, ચાલાકીના ખેલ જુઓ
ખેલ અલબેલ જુઓ, મોર અને ઢેલ જુઓ!

જુઓ જુઓ ભાઇ,
કોણ મૂલ માંગે રે?
ઢોલકાં વાગે રે.

☆

ત્યાં તો જાણે કોયલ ટહૂકી ઉઠી:
મીઠાં મીઠાં ગીત કોણ ગાય રે?
આ નાચી નચાવી કોણ જાય રે?
આ મુખડું કોનું મલકાય રે?

અંગ અંગ રંગ ભરી
આંખડી અનંગ ભરી
ઘંટડી રૂપેરી રણકાય રે.

જોનારા સૌ ભાન ભૂલે
અભિમાની માન મૂકે
જાન કુરબાન કંઇ થાય રે
આ મુખડું કોનું મલકાય રે?

☆



For Private and Personal Use Only

ખેલ – તમાશા નિરખવા આવ્યાં લોક અનેક
નાના મોટા નાચતાં મૂકી માન – વિવેક !
નમણી નટ કન્યા તણા નખરાં નો નહિ પાર
મુગ્ધ થયો એક માનવી નામ ઇલાચીકુમાર !

☆

નટ લોકોએ એક પછી એક જાત જાતના ખેલો કરવા માંડ્યાં. પણ આ ઇલાચી તો માત્ર આ નટડીને જ નિરખ્યા કરે. ખેલ જોવામાં એનું લક્ષ ન હતું. નટડીનું નૃત્ય, મધુર ગીત અને અનુપમ સૌન્દર્ય જોવામાં જાણે ઇલાચીકુમાર ભાન ભૂલી ગયો ! આવી સ્ત્રી પત્ની તરીકે હોય તો ?! આવો વિચાર આવતાં તો એ ઘર તરફ દોડ્યો ! માતાને પોતાના મનની વાત પણ કરી :

ઓ માડી, મોરી રે,
મને ગમી ગઇ ગોરી !
પેલા નટની છોરી
જાણે પ્રેમ – ચકોરી
મારું ચિતડું લીધું ચોરી !
મને ગમી ગઇ ગોરી.

દૂર દૂર કોઇ સુંદર દેશે જાય મને એ દોરી
કામણગારી કોયલડીએ કાળજું લીધું કોરી !
મને ગમી ગઇ ગોરી.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એક રસ્તા વચ્ચે ઉભીને નાચતી ને ચેનચાળા કરતી, નખરાં કરીને લોકને રાજી કરનારી–હલકી છોકરી સાથે પોતાનો ખાનદાન પુત્ર લગ્ન કરવાની વાત કરે એ જાણીને માબાપને ખૂબ આઘાત લાગ્યો. એમણે સમજાવવા માંડયું:

માતપિતા સમજાવે
લાડકવાયા લાલને માતા લાલચ લાખ બતાવે:
'કહે તો વીરા, તને એથી યે સારી
પરણાવી આપું સુંદર નારી'
ઉત્તમ કુળમાં અંધ બનીને શીદ કલંક લગાડે?
લાખ–કરોડની આબરૂને વીરા, શીદને આગ લગાડે?
માતપિતા સમજાવે.

☆

મોહમાં અંધ થયેલ ઇલાચીને માતપિતાની આ વાતો ગમી નહિ. નટકન્યા સિવાય એને કંઈ દેખાતું જ નહિ. એટલે—

મોહમાં અંધ બનેલ ઇલાચી ના સમજ્યો તલભાર
રાત પડી અંધારી ત્યારે નીકળ્યો ઘરની બ્હાર
અંધારે અંધારે ભમતો આવ્યો નટને દ્વાર
વિચિત્ર વાતો સાંભળી સહુ કરે વિચાર!

☆



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મધરાતે ચોરની જેમ છાનામાનો ઇલાચીકુમાર ઘેરથી નીકળી પડ્યો. આવી પહોંચ્યો નટ લોકો પાસે. એણે તો તરત જ એની ઇચ્છા બતાવી! નટલોકોને આશ્ચર્ય થયું અને શિખામણ દીધી:

ઓ સુણ વેપારી, મૂરખ ભારી
બાળકના નહિ ખેલ
છોરી અમારી, ભોળી બિચારી
એમ મળે નહિ રહેલ!

ગલીએ ગલીએ ઘુઘરા બાંધી
કરવા પડશે ખેલ
ગાઇ બજાવી, લોક રિઝાવી
રે'વું થશે મુશ્કેલ
બાળકના નહિ ખેલ!

☆

નારી મળતી હોય તો ગમે તેમ નાચવા એ તૈયાર હતો! એણે આગ્રહ ચાલુ રાખ્યો. ત્યારે નટીના બાપે કહ્યું: 'ભાઇ, અમે અમારી દીકરીને બીજી કોમમાં દઇએ નહિ. અમારી ભેળો આવીને અમારો આ ધંધો કરવાની તારી તૈયારી છે?' એમને એમ કે આવી શરત સાંભળીને આ શેઠીયાનો દીકરો પાછો વળી જશે. પણ એણે તો કહી જ દીધું:



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુરેપૂરો વિચાર કરીને આવ્યો છું તમ દ્વાર
નારી કાજે નાચીશ ઘરઘર એક જ છે નિરધાર!

☆

આવો દેખાવડો અને ચપળ જુવાન પોતાની મંડળીમાં ભળે તો લાભ થાય એવું કંઈક વિચારીને એમણે ઇલાચીકુમારને હા પાડી.

નવાં નવાં કંઈ ખેલ કરીને
નવાં નવાં કંઈ વેશ ધરીને
નટવર મસ્ત થઈને નાચે ઇલાચીકુમાર.

ઉંચા ઉંચા દોરી ઉપર
આશા કેરી દોરી ઉપર
નટવર મસ્ત થઈને નાચે ઇલાચીકુમાર.

ઢોલક લઈને ઢમ ઢમ કરતી મીઠાં ગીતો ગાતી
પ્રેમ ભરેલો પ્રિયતમ દેખી ઘેલી ઘેલી થાતી

☆

ધીમે ધીમે ઇલાચીકુમારે પોતાની કળા ખિલવવા માંડી. રોજ નવાં નવાં ખેલો એણે રચવા માંડ્યાં. નટીને પણ આ નટરાજ પ્રત્યે આકર્ષણ થયું. બંને વચ્ચે પ્રેમની દોર ગુંથાવા લાગી. પોતાના કામની લોકો ખૂબ પ્રશંસા કરે છે એમ જ્યારે ઇલાચીએ જાણ્યું ત્યારે એક દિવસ એણે હિંમત કરીને દરખાસ્ત મૂકી:

કંઈક વખત વીતી ચૂક્યો કહે ઇલાચીકુમાર
પરણાવો ઝટ પ્રેમદા વાર કરો ન લગાર.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇલાચીએ માન્યું હતું કે એમની શરત પૂરી થઈ છે હવે બંનેના લગ્ન થવા જોઈએ. ત્યારે સામો જવાબ મળ્યો :

'નારી એમ મળે નહિ જમાડશો અમ ન્યાત
ધનના જો ઢગલા કરો પછી જ લગ્નની વાત !

☆

એ લોકોની મોટી નાત જમાડવાની અને તે સિવાય પણ મોટી રકમ જોઈએ. એમ મફતમાં કન્યા ન મળે ! તેથી કહ્યું' :

કોઈ રાજદરબારે જાઓ
ખૂબ ખેલ કરીને રિઝાવો.
અઢળક લઈ વરદાન પછીથી
વરરાજા થઈ આવો !

☆

આ નવી શરત સાંભળીને શરૂઆતમાં તો ઇલાચીને ખુબ ગુસ્સો આવી ગયો. પણ ગુસ્સો કરીને કંઈ બોલી જાય તો હાથમાં આવેલી બાજી સરી જાય.

પાગલ પ્રેમી હિંમત રાખી
ઉપડ્યો બીજે ગામ
રાજરાણી જોવા આવ્યાં
આવ્યું લોક તમામ.

એણે એક મોટું ગામ પસંદ કર્યું. રાજાની પાસે જઈને પોતાની કળા બતાવવાની અરજ કરી. રાજાએ કબૂલ કર્યું. એક વિશાળ મેદાનમાં ખેલ કરવાની તૈયારીઓ કરવા માંડી,



For Private and Personal Use Only

રાજા રાણી અને તમામ નગરજનો આ ખેલ જોવા ઉત્સુક થઈ રહ્યાં. ઈલાચીકુમાર અને આ નટી પણ આજે ખૂબ રંગમાં હતાં. એમના મનની આશા ફળવાની ઘડી આવી પહોંચી હતી! રાજાની આજ્ઞા થઈ અને ખેલ શરૂ થયો.

ઢમક ઢમક ઢમ ઢોલક વાગ્યાં
ઝનક ઝનક ઝન ઝાંઝર વાગ્યાં
ઊઠો ઊઠો નટરાજ આજ તો
ભાગ્ય અમારાં જાગ્યાં !

નટીએ ઢોલક પર દાંડી પીટી, પગના ઝાંઝરનો રણકાર કર્યો અને ગીત લલકાર્યું બે બાજુ બે વાંસ રોપીને વચ્ચે દોરી બાંધી છે. એ દોરી પર ચઢીને ઈલાચીકુમાર જાત જાતના ખેલો કરવા લાગ્યો. જીવનું જોખમ થાય એવા અદ્ભુત ખેલ હતાં. કેટલીક ક્ષણોએ લોકોને લાગ્યું આ હમણાં જ નીચે પડશે – પણ – ત્યાં તો ખૂબીથી ઈલાચી સમતોલપણું જાળવી દેતો. લોકો વાહ વાહ ... ધન્ય ... ધન્ય કરતાં રહ્યાં.

તાતા થૈઈ થૈઈ કરતો ચઢિયો દોરી પર ઉમંગે
દાન તણી આશાની હોંશે ખેલે ખૂબ તરંગે
ઘડીક જુએ રાજાની સામે, ઘડીક પ્રિયાની સામે
પણ રાજા તો તાકી તાકી જુએ છોકરી સામે !
જાત જાતના ખેલ બતાવી ઉતરી આવી ઉભો
જોનારાંએ રાજી રાજી થઈ વધાવી લીધો !



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઇનામની આશાએ ઇલાચીકુમાર સુંદર ખેલ કરીને રાજાની પાસે જઇને સલામ કરીને ઉભો. એને એમ હશે કે રાજા તરત જ કંઠમાં પહેરેલો હીરાનો હાર ઇનામમાં આપી દેશે! પણ અહીંનો ખેલ જુદો હતો!

રાજાનું ધ્યાન ખેલમાં નહિ પણ નટીમાં હતું. એનું વિલાસી મન આ રૂપ દેખીને ચંચળ બની ગયું. પોતાની પાસે બેઠેલી રાણી પણ આ નટીના સૌન્દર્ય પાસે ઝાંખી લાગી. એની દાનત બગડી.

દાન તણી આશાએ નીચા નમે કરે સલામ
પણ રાજા તો બોલ્યો ભાઇ, મેં નહિ નિરખ્યું કામ!
'રાજકાજમાં ધ્યાન ગયું' એમ કાઢ્યું જુઠું બહાનું
'ફરી વાર જો ખેલો ભાઇ, પછી આપશું લહાણું.'

ઇલાચીએ રાજાની વાત સાચી માની: 'મોટા માણસોને હજાર ઉપાધી હોય' એમ સમજીને એ તો ફરીથી ખેલ કરવા તૈયાર થયો.

એ ખેલ કરે ફરી વાર
મોહવશે થઇ અંધ ઇલાચી ના સમજ્યો તલભાર
'કે રાજાની દાનત બગડી' પામી શકે ન પાર!
નિરાશ થઇને ખેલ કરંતા ચૂકી જાય પળવાર
'તો આ નટડીને હું પામું' રાજા કરે વિચાર!
એ ખેલ કરે ફરી વાર.



For Private and Personal Use Only

બીજી, ત્રીજી વાર પછી એમ ચઢિયો ચોથીવાર
જુદાં જુદાં બહાનાને કારણ ચઢતો પાંચમી વાર!

☆

રાજા અને ઈલાચીના મનમાં કેવાં તરંગો ઉઠતાં હતાં!

'ઉપરથી જો પડે, પડીને મરે
તો કન્યા મળે,' એમ રાજાની ઇચ્છા
'જલ્દી રાજા રિઝે, દાન જો દિયે
'તો કન્યા મળે' એમ આ નટની ઇચ્છા!

☆

ખંત ધરીને ખેલ બનાવવા ચઢિયો પાંચમી વાર
ખેલ કરંતા દૂર ચોકમાં દૃષ્ટિ પડી પળવાર
વિસ્મય પામી લોક પૂછે છે: 'થંભ્યો કેમ કુમાર?'
રાજારાણી નટકન્યા પણ ખૂબ કરે વિચાર!

☆

ત્યાં તો એકાએક રંગમાં ભંગ પડ્યો! ઇલાચીકુમાર ખેલ કરતો થંભી ગયો. કોઈ ગહન વિચારમાં ડૂબી ગયો હોય એમ સામેના ચોકમાં જોઈ જ રહ્યો. લોકોના આશ્ચર્યનો પાર ન રહ્યો. રાજારાણી સ્તબ્ધ થઈ ગયાં. થંભી ગયેલા પ્રિતમને વિચારમાંથી જાગૃત કરવા નટીએ ઢોલકને જોરથી વગાડવા માંડ્યું. પણ......

પાંચમી વાર ખેલ કરતાં ઉંચે દોરી પરથી ઇલાચીએ સામેના ચોકમાં એવું દૃશ્ય જોયું કે એ સ્થિર થઇ ગયો. એણે શું જોયું?



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એણે દીઠા એક મુનિરાજ

ત્યાગતેજથી જુવાન કાયા ઝળહળ ઝળહળ થાય
ધર્મલાભ કહી ભિક્ષા કાજે ઉભા આંગણમાંય
મોદક લઇને આવી સુંદરી રૂપરૂપને અંબાર
ભાવ થકી એ ભોજન દેતી હૈયે હરખ અપાર.

કર જોડીને આગ્રહ કરતી, 'સ્વીકારો મુનિરાજ
ધન્ય થયો જન્મારો મારો ધન્ય દિવસ છે આજ'
વિધવિધ વસ્તુ વહોરાવે પણ મુનિ કરે ઇન્કાર
નીચા નયણે મુનિવર બોલ્યા: 'વધુ ખપે ન લગાર.'

☆

ઇલાચીકુમારે સામેના ચોકમાં જોયાં – એક તપસ્વી સંત અને એક રૂપસુંદરી. બંને યુવાન. સામસામાં ઉભેલાં. છતાં મુનિની નજર નીચે નમેલી. સ્ત્રી અનેક જાતની વાનગી વહોરાવવા માટે આગ્રહ કરતી જાય. મુનિ ઇન્કાર કર્યા કરે. ખપ પૂરતી એકાદ વસ્તુ લઇને મુનિ વિશેષ માટે ના પાડે છે. સ્ત્રીનો આગ્રહ વધતો જાય છે. 'ન માંગે દોડતું આવે!' આ દૃશ્યે ઇલાચીની પ્રેમઘેલછા ઉડાડી દીધી! શીલ અને સૌન્દર્યના સંગમને એણે મનથી વંદના કરી! હૈયામાં મંથન અનુભવ્યું. પોતાની જાત સાથે તુલના કરવા માંડી.

થોડીક જ ક્ષણોમાં એને કેટકેટલાં વિચારો આવ્યાં?

પ્રેક્ષકોના ધબકતાં હૈયાં જાણે પળભર થંભી ગયાં!

એની વિચારધારા ચાલી રહી:



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હવે ઈલાચી કરે વિચાર :
ક્યાં પામર હું ભોગવિલાસી ને ક્યાં આ મુનિરાજ ?
વિષયરંગમાં અંધ બનીને મૂકી કુળની લાજ. હવે

આગ્રહ કરતી રૂપસુંદરી મુનિ કરે ઈન્કાર
દૃષ્ટિ ઉંચી કરી જુએ ના કેવી સંયમધાર ?!
ભીખના ટુકડા માંગુ તો પણ દેતો નથી ભૂપાળ
રૂપની પાછળ રહ્યો ભટકતો લાગી ભીષણ ઝાળ.

ધન્ય ધન્ય આ જીવતર મુનિનું
ધન્ય જીવન આ નાર
હો જો મુજ સરખા કામીને
લાખ લાખ ધિઃક્કાર !

પશ્ચાતાપની પાવક જ્વાળા ઈલાચીના આત્માને સ્પર્શી ગઈ. વિષયથી મન વિશુદ્ધ બન્યું અને ત્યાં તો મોટો ચમત્કાર થઈ ગયો !

પશ્ચાતાપ થકી ઈલાચી ભૂલી ગયો સૌ ભાન
એજ ક્ષણે ને એજ સ્થળે ત્યાં ઉપજ્યું કેવળજ્ઞાન !
ઉપજ્યું કેવળજ્ઞાન !

☆



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'ધ્યાનમાં રે જો!'

## (રહનેમિ અને રાજુલ)

'કાઉસગ ધ્યાને મુનિ રહનેમિ નામે
રહ્યા છે ગુફામાં શુભ પરિણામ રે
દેવરિયા મુનિવર, ધ્યાનમાં રે'જો જી!'*

'ધ્યાનમાં રે'જો!' જાણે જૈન દર્શનનો તમામ સાર આ એ શબ્દોમાં આવી વસ્યો છે! પતનની ઊંડી ખીણમાં ગબડતા દિયરને ભોજાઈ સાવધ કરે છે. 'ધ્યાનમાં રે'જો!'

વાત આમ બની.

પશુઓનું આક્રંદ સાંભળીને પરણવા આવેલા નેમકુમાર તોરણેથી જ પાછા વળી ગયા. જીવનની દિશાજ બદલાઇ ગઇ.

સંસાર ત્યાગીને એમણે સંયમની તૈયારી કરવા માંડી.

નેમકુમારના લઘુબંધુ રહનેમિને વિચાર આવ્યા? મોટાભાઇ ખરેખર પરણ્યા હોત ... અને રાજુલ પરણીને અહીં આવી હોત ...... પણ તે કેટલા દિવસ સુધી? ભાઇ તો મૂળથી જ વૈરાગી! એમનો સંસાર કેટલો ચાલત? રાજુલને શું સુખ મળત? ભાઇ તો દીક્ષા જ લેવાના હતા!

વિચારધારા આગળ વધી. ત્યારે હું જ એની સાથે

* પ્રાચીન સઝઝાય



For Private and Personal Use Only

લગ્ન કરું તો? જોડી પણ ખરી જામે! અને આખાયે આર્યાવર્તમાં આ રાજુલ જેવી રમણી મળવી દૂર્લભ છે.

પણ ... રાજુલ મારી સાથે પરણશે ખરી? પોતાની અંદરથી જ જાણે કોઇ બોલ્યું: સ્ત્રી જાત થોડી કુંવારી રહેવાની છે? પ્રયત્ન તો કરવો જોઇએ. રહનેમિએ નિર્ણય કર્યો.

વાર તહેવારે રહનેમિ તરફથી રાજુલને ભેટ સોગાદો મળવા લાગી. જુનો સંબંધ એ લોકો જાળવી રાખવા માંગે છે એમ સમજી નિર્દોષ ભાવે એ સ્વીકાર કરતી.

રહનેમિને કંઇક આશા બંધાઇ. રાજુલને રૂબરૂ મળવા અને જાતે જ વાત કરવા આવી પહોંચ્યા.

શરૂઆતમાં તો વડીલ બંધુએ ભરેલા પગલાથી રાજુલને થયેલા દુઃખ બદલ આશ્વાસન આપવા માંડ્યું. પોતાની વાત રજુ કરતાં કંઇક ક્ષોભ થવા લાગ્યો. હૈયું ધડકવા લાગ્યું. પણ હિંમત કરીને એમણે કહી જ દીધું:

'તમારો વિચાર હોય તો ... હું તમારી સાથે ...' વાક્ય અધૂરું રહી ગયું. આગળ બોલવા શબ્દો ન નીકળ્યાં!

રાજુલ સમજી ગઇ, ચમકી ગઇ! સ્વપ્ને પણ આવી વાતની એને કલ્પના નહોતી. અત્યાર સુધી નીચું મોં ઢાળીને સાંભળી રહેલી રાજુલ વિસ્મય પામતી ક્ષણભર રહનેમિને નિરખી રહી.

એની આંખનું તેજ રહનેમિથી જીરવાયું નહિ! પોતાના



For Private and Personal Use Only

હવાઈ કિલ્લાને તોડી પાડનારી એ વેધક દૃષ્ટિ હતી !

તરત જ રાજુલ સ્વસ્થ થઈ ગઈ. ચમકી ઉઠેલા મનને સ્થિર કરી દીધું. દૃઢતાપૂર્વક બોલી: હું તો નેમનાથને મનથી વરી ચૂકી છું. તમે મારા ભાઈ સમાન છો !'

અત્યંત શાંતિપૂર્વક બોલાયેલા આ શબ્દો રહનેમિના હૈયામાં ભાલાની જેમ ભોંકાયાં ! થોથવાતી જીભે વાતને વાળી લેવાનો પ્રયત્ન કરવા માંડ્યો. 'તમે માઠું લગાડતા નહિ, હોં ? આ તો મને સહજ વિચાર આવ્યો તે તમને કહ્યો.'

'હું માઠું લગાડતી નથી. તમારી લાગણી હું સમજી શકું છું.'

આગળ વાત કરવાની જગા જ ન રહી. રહનેમિ પાછા ફર્યા!

તો ય કહે છે ને કે આશા અમર છે !

☆

નેમનાથ સાધુ બન્યા. એમને પગલે પગલે 'ગરવો ગઢ ગિરનાર' પાવન થયો, ધન્ય થયો.

'ભવોભવની પ્રીતના ગીત ગાતી રાજુલ પણ આવી પહોંચી. એણે દીક્ષા લીધી. આત્મ-પ્રેમની જ્યોત ઝગમગી ઉઠી. દિવ્ય-સ્નેહની બંસીના મધુર બોલ દિશાઓમાં ગુંજી રહ્યાં. દાંપત્ય દીપી રહ્યું !

☆

રાજુલનો કદાચ વિચાર બદલાય અને પોતાની સાથે પરણવાની તૈયારી બતાવે એ આશાએ રાહ જોઈ રહેલા રહનેમિએ જ્યારે સાંભળ્યું કે રાજુલે દીક્ષા લઈ લીધી ત્યારે



For Private and Personal Use Only

એ હતાશ થઇ ગયા. જાણે બારેબાર વહાણ ડૂબી ગયાં !

કેટલીક વખત માણસને લાગેલો તિવ્ર આઘાત એનું જીવન પરિવર્તન કરી નાંખે છે. કાં પતન કાં ઉત્થાન.

રાજુલના જવાથી લાગેલા આઘાતે વૈરાગ્યની વાટ લીધી. સંસાર પ્રત્યે રહનેમિને અણગમો આવી ગયો. એ પણ ઉપડ્યા. ભગવાન નેમનાથને ચરણે બેસીને ત્યાગી બની ગયા.

મનને સ્થિર અને શાંત કરવા — આત્મ-ધ્યાન ધરવા એમણે એકાંત, નિર્જન અને અંધારી ગુફા પસંદ કરી. ધ્યાનમાં લીન બની ગયા.

☆

વરસાદના દિવસો હતાં. સવારે આકાશ કંઇ સ્વચ્છ હશે, વરસાદ બંધ થઇ ગયો હશે એટલે સાધ્વી રાજુલ ભગવાન નેમનાથના દર્શને ગયા. પાછા ફરતાં તો ઝંઝાવાત શરૂ થયો. ક્યાંકથી કાળાંકાળાં વાદળો દોડી આવ્યાં. ઘોર અંધકાર છવાઇ ગયો. ભીષણ ગર્જના અને ગડગડાટ શરૂ થયાં. વીજળી સનસન કડાકા કરતી ઝબકી પડી. અને ત્યાં તો ધમધમાટ કરતો વરસાદ તૂટી પડ્યો ! જાણે બારે મેઘ ત્રાટક્યાં. રાજુલને ક્યાંયે આશ્રયનું સ્થાન દેખાયું નહિ. આમથી તેમ દોડવા લાગ્યા.

મેઘરાજાએ તાંડવ — નૃત્ય માંડ્યું હતું. દૂર દૂર પહાડની ટેકરીઓ દેખાઇ. ત્યાં કદાચ ઉભા રહેવાનું સ્થાન મળશે એ આશાએ રાજુલ ત્યાં પહોંચી ગયા.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હા, એ ગુફા હતી. રાજુલને કંઈક શાતા વળી. અંદર પ્રવેશ્યા. અંધારું ઘોર!

વરસાદથી નીતરી રહેલાં ઉપરના વસ્ત્રોને નીચોવીને જરા ખુલ્લાં કર્યાં. ત્યાં તો જાણે આભ ફાટી પડ્યું હોય એવી ભયંકર ગર્જના થઈ. વીજળીનો ઝલકારો થયો. અને તે સાથે જ 'કોણ, રાજુલ?' એવો એક માનવીનો અવાજ સંભળાયો. નિર્જન કલ્પેલા સ્થળમાં માણસની હાજરી જાણીને રાજુલને ખૂબ સંકોચ થયો. શરમ લાગી. ઉતાવળે ઉતાવળે વસ્ત્રોને પાછા શરીરે વિંટાળી દીધાં.

ત્યાં તો ફરીથી એજ અવાજ! રાજુલે અવાજને ઓળખ્યો. 'કોણ, રહનેમિજી?'

જવાબ મળ્યો: 'હા, હું છું!'

અકસ્માત આમ બની ગયું. જે ગુફામાં રહનેમિ ધ્યાન ધરતાં હતાં તે જ ગુફામાં અજાણતાં રાજુલ આશ્રય માટે આવી ચઢ્યાં.

વીજળીના ઝબકારાના ક્ષણભરના પ્રકાશમાં તો રહનેમિએ રાજુલને ઓળખી લીધાં. રાજુલ અહિં આવ્યા એ એમને ખૂબ ગમ્યું. મન ચંચળ થઈ ગયું. ધ્યાન પડતું મૂકીને હસતાં હસતાં એ રાજુલની પડખે આવીને ઉભા રહ્યા!

'અહિં કોઈ રહેતું હશે એની મને ખબર નહિ' એમ કહીને રાજુલે ઝડપથી ચાલવા માંડ્યું. પણ રહનેમિ એમના માર્ગમાં



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવી ઉભા! રસ્તો રોકી રહ્યા.

'ક્યાં જશો? બહાર તો ધોધમાર વરસાદ ચાલુ જ છે. બેસોને, થોડીવાર આપણે જરા વાતો કરીએ.' રહનેમિના વાણી–વર્તન રાજુલને સારા ન લાગ્યાં. વિશેષ રોકાવામાં જોખમ જેવું લાગ્યું. એમણે ફરીથી પગ ઉપાડ્યાં.

બહાર વરસાદનું તોફાન હતું અને ગુફામાં રહનેમિનું હૈયું તોફાને ચઢ્યું હતું! આગળ વધતા જતા રહનેમિના શબ્દો સંભળાયાં: 'મને લાગે છે કે આપણા આજના મિલનમાં કુદરતનો કંઇક સંકેત હશે. રાજુલ તમને જોઉં છું ને મારું મન અસ્થિર બની જાય છે. તમને યાદ હોય તો એક વખત મેં તમને મારી સાથે લગ્ન કરવાની વાત કરી હતી. આજે પણ તમને અહિં જોઇને તમને મેળવવા મારું દિલ ઉછાળા મારી રહ્યું છે. તમે તો અનુભવી રહ્યા હશો કે આ સાધુ જીવન કેવું શુષ્ક અને કઠોર છે! ચાલોને, ફરીથી સંસારી બની જઇએ! આમ તો ધ્યાન ધરવા અંધારી ગુફામાં બેઠો છું પણ પળે પળ તમારી જ મૂર્તિ પ્રત્યક્ષ થતી જોઉં છું. હું તમને ભૂલી શકતો જ નથી. હૃદય એકદમ વ્યાકુળ થઇ જાય છે. એટલે... જો......'

વાક્ય પૂરું કરે તે પહેલાં તો વીજળીના ચમકારા જેવી રાજુલની ગર્જના થઇ: 'રહનેમિજી, હોશમાં આવો! તમે શું બોલી રહ્યા છો તેનું તમને જરા યે ભાન છે? આ વેશ કર્યો છે અને સામે કોણ ઉભું છે એનો વિવેક તો રાખો! સાધુ બન્યા



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ સંસાર ભૂલાયો નહિ? વેશ બદલ્યો પણ વૃત્તિ ના બદલાઇ? શરમ છે તમને!'

રહનેમિએ તો કંઇક અનુકૂળ જવાબની આશા રાખેલી. પણ આ તો શરીર પર કોઇ ધગધગતા લોઢાના સળીયાના ડામ દઇ રહ્યું હોય એમ રાજુલના શબ્દે શબ્દે વેદના થવા લાગી. રહનેમિ સ્તબ્ધ થઈ ગયા, સ્થિર થઇ ગયા!

રાજુલનો રોષ ભર્યો અવાજ કંઇક ધીમો થયો. માતા પોતાના નાદાન બાળકને વ્હાલથી સમજાવે એમ વાણીમાં કારુણ્ય ઉભરાયું. શબ્દોમાં રોષને બદલે ભાવ આવ્યો. મોટા ભાઇની મહત્તા અને નાના ભાઇની લઘુતાનો ભેદ રાજુલે સંભળાવવા માંડ્યો. આ નશ્વર દેહના પ્રેમ કરતાં આત્માનો પ્રેમ કેવો ઉત્કૃષ્ટ છે એનું દૃષ્ટાંત બતાવ્યું. મનુષ્ય ભવની મહત્તા અને સંયમની શ્રેષ્ઠતાનો ખ્યાલ આપ્યો.

'ક્ષણભરના સુખ માટે શીદને
ડૂબાડતાં મુક્તિનું વહાણ
માનવ દેહ ફરી નહિ આવે
કંઇક કરી લેજે કલ્યાણ.
રે'જો મુનિવર સાવધાન!'

રાજુલનો પ્રત્યેક શબ્દ રહનેમિના હૈયામાં સોંસરવો ઉતરવા લાગ્યો. મનનું તોફાન શમવા લાગ્યું. તિવ્ર પશ્ચાતાપ જાગ્યો.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી. તરત જ રહનેમિ રાજુલને ચરણે પડ્યા: 'તમે મારી માતા તુલ્ય છો. મને માફ કરો!'

પશ્ચાતાપના અગ્નિમાં જળીને રહનેમિનો આત્મા કંચન જેવો વિશુદ્ધ બની ગયો. રાજુલે ઉભા કર્યાં. બહાર પણ વરસાદનું તોફાન શાંત થયું હતું.

દિયર ને ભોજાઇ આવ્યા ભગવાન નેમનાથની પાસે. રહનેમિએ પાપનો એકરાર કર્યો ને પ્રાયશ્ચિત માંગ્યું.

પછી તો મુનિ રહનેમિએ આત્મ–વિકાસનો પ્રચંડ પુરૂષાર્થ આદર્યો. જોતજોતમાં કૈવલ્ય પદને પામી ગયા!

આજે ય જાણે વાસનામોહમાં ડૂબેલાં સંસારીઓને રાજુલ સંભળાવી રહી છે...... ધ્યાનમાં રે'જો!!

☆



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રહનેમિ ને રાજુલ

રે'જો મુનિવર સાવધાન!
આટઆટલું ધ્યાન ધર્યું પણ આવ્યું નહિ આતમનું જ્ઞાન?
રૂપસુંદરી દેખીને શીદને ભૂલો છો સંયમનું ભાન?
રંગરાગની વાતો કરતાં લાજ શરમ નહિ આવે?
ધર્મધ્યાન છોડીને શીદને નીચ કર્મ મન લાવે?
ક્ષણભરના સુખ માટે શીદને ડૂબાડતાં મુક્તિનું વહાણ?
માનવ દેહ ફરી નહિ આવે કંઈક કરી લેજો કલ્યાણ?
રે'જો મુનિવર સાવધાન!

☆

તીર સરિખાં વાગિયાં રાજુલ કેરાં વેણ
આંસુ ધારે નીતર્યાં રહનેમિના નેણ,
ભાભીને ચરણે પડી રહનેમિજી રોતાં
'મિચ્છામિ દુક્કડં' બોલીને પાપ બધાંયે ધોતાં!

☆

દિયર ને ભોજાઈ જાય છે નેમનાથની પાસે
આલોચણ માંગે છે પાપનું રહનેમિ પ્રભુ પાસે
ધર્મ સ્થાપના કરી હ્રદયમાં ફરી ધરે છે ધ્યાન
કર્મ ખપાવી દીધાં બધાં યે પામ્યાં કેવળજ્ઞાન!

☆



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મંત્રસાર—

કિંમત રૂા. ૩–૫૦ ન.પૈ.
પોસ્ટેજ ૦–૯૫ ન.પૈ. અલગ

★

શ્રી માણિભદ્રના છંદ (૨)
,, પદ્માવતીનો છંદ
,, મહાકાળીનો છંદ
,, ચક્રેશ્વરી દેવીની સ્તુતિ
,, મહાલક્ષ્મી અષ્ટક
,, મહાજ્વાલા અષ્ટક
શ્રી નવકાર મંત્ર સંગ્રહ
ફળદાયક વિધિ સહિત
રક્ષામંત્ર (૧-૨-૩-૪)
શુભાશુભ જાણવાનો મંત્ર
વિદ્યા પ્રાપ્તિ મંત્ર
વાદજય મંત્ર
પરદેશ લાભ મંત્ર
વશીકરણ મંત્ર
કાર્યસિદ્ધિ મંત્ર
દ્રવ્યપ્રાપ્તિ મંત્ર
સર્વસિદ્ધિ મંત્ર
પુત્ર સંપદા પ્રાપ્તિ મંત્ર (૧–૨–૩)
દ્રવ્ય પ્રાપ્તિનો સાદો ઉપાય
શ્રી માણિભદ્રજીના મંત્રો
નાકોડા ભૈરવ સ્તોત્ર અને પ્રાર્થના
ભૈરવાષ્ટક
મંત્રગર્ભિત પદ્માવતી સ્તોત્ર
લક્ષ્મીપ્રાપ્તિ મંત્ર–૨
સર્વકાર્ય સિદ્ધિ મંત્ર–૧
વ્યાપારલાભ મંત્ર–૧
વસ્તુ વિક્રય મંત્ર–૧
રોગ નિવારણ મંત્ર–૨
શત્રુભય ને ક્લેશ નાશક મંત્ર–૧
સર્વભય નિવારણ મંત્ર
ચોરભય નિવારણ મંત્ર
કેદમુક્ત થવાના મંત્ર–૩
આકાશગમન મંત્ર–૧
ભૂતપ્રેતનિગ્રહ કરણ મંત્ર
શ્રી માણિભદ્ર પ્રત્યક્ષ કરવાનો મંત્ર
ગ્રહશાંતિ માટે ઉપયોગી યંત્રો જાપ વિગેરે
ગ્રહમુદ્રિકા યંત્ર
મંત્રોનું મહત્વ
મંત્ર સાધના વિધિ
ભૂમિ શુદ્ધિ કરવાનો મંત્ર
સ્નાન કરતાં જપવાનો મંત્ર
વસ્ત્ર પહેરતાં જપવાનો મંત્ર
શ્રી ઘંટાકર્ણ મહામંત્ર અને તેની સાધનાનો વિધિ
લક્ષ્મી પ્રાપ્તિ માટે યંત્રો-૧-૨


For Private and Personal Use Only




ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SRI MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar-382 009.
Phone : (079) 23276252, 23276204-05

श्रुतज्ञानं नमस्यत

પર્યુષણ તથા લગ્નાદિકના સુશોભિત કાર્ડો તથા કુમકુમ પત્રિકાઓ

નાના અગર મોટા ગ્રંથોનું શુદ્ધ તેમજ કલામય છપાઈ કામ માટે અમને મળો.

श्री जिनागम.

पवित्रमिह विद्यते



સ્થાપના સન ૧૯૦૫

મેઘરાજ જૈન પુસ્તક ભંડાર

બુકસેલર્સ એન્ડ પબ્લિશર્સ

ગોડીજીની ચાલ-કીકાસ્ટ્રીટ-મુંબઈ, ૨.

પ્રભાવનાને લગતી વસ્તુઓ માટે અમારો સંપર્ક સાધો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# અજોડ – પ્રકાશન

તમે કદી કલ્પી પણ નહી હોય
તેવી બિન-હરીફ, સર્વાંગે સંપૂર્ણ
આંખે ઉડીને વળગે અને
સાથે સાથે ધાર્મિક ભાવનાને
સતેજ કરતી–કલાત્મક
અલૌકિક અનાનુપૂર્વી

## દેવાધિદેવ દર્શન ચોવિશી

અને

## અનાનુપૂર્વી

કિં. રૂા. ૧–૨૫

જેમાં પ્રગટ કરવામાં આવેલ છે
— 'ચિત્રો' જેવાં કે —

ચોવીશ તીર્થંકરો, ચક્રેશ્વરીદેવી, પદ્માવતીદેવી, સરસ્વતીદેવી, મહાલક્ષ્મીદેવી, ઘંટાકર્ણ-નવગ્રહ સહિત માણિભદ્રજી, નાકોડા ભૈરવજી, ઋષિમંડલયંત્ર સિદ્ધચક્રજી, લક્ષ્મીયંત્ર, સિદ્ધચક્રયંત્ર, શંખેશ્વર પાર્શ્વનાથ, શત્રુંજય મૂલનાયક ઋષભદેવ

— વગેરે —

**શ્રી મેઘરાજ જૈન**

૨૧૯-એ, કીકા સ્ટ્રીટ – ગોડી


Serving JinShasan
131624
gyanmandir@kobatirth.org

For Private and Personal Use Only